## મેડિકલ કાઉન્સિલ અને હાઈકોર્ટે એડમિશનનો ઈન્કાર કરી દીધો. છેલ્લે સુપ્રિમ કોર્ટે હાથ ઝાલ્યો.

"વામન કદ છે તો શું છે ?? બુધ્ધિ તો તિવ્ર છે !"



# વામનની વિરાટ છલાંગ... અંતે MBBS કર્યું.

પેજ નં. પાંચ ઉપર

PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

# કોશિશ થી કામયાબી

Since 1-8-1974

વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ એપ્રિલ : ૨૦૨૪, અંક નં. ૧૩૬/૫૦૨

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly

Date of Publication : 15 April - 24 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 28

# કે. એલ. તસ્વીર સમાચાર



'સુમિટોમો કેમિકલ' દ્વારા શ્રવણયંત્ર વિતરણ



'અલંગ ઓટો' દ્વારા શ્રવણયંત્ર વિતરણ...



શ્રવણમંદ સરકારી કર્મચારી સન્માન કાર્યક્રમ...



'વસંતોત્સવ-૨૪' માં શાળાની 'ગણેશ વંદના' કૃતિ...



'નશામુક્ત ભારત' જનજાગૃતિ રેલી...



યોગ શિબિરમાં પ્રમાણપત્ર મેળવતા વિદ્યાર્થીઓ...



ધો. ૧૦ અને ધો. ૧૨ વિદાય સન્માન કાર્યક્રમ...



શાળામાં દંત ચિકિત્સા કેમ્પ...

# કોશિશથી કામયાબી

**આ અંકમાં ...**


- બહેરાં-મૂંગા શાળા તસ્વીર સમાચાર............૦૨
- INDEX................................૦૩
- CONTENTS AT A GLANCE ......૦૪
- PNRના આંગણે ફેમિલી ફોરમનો કાર્યક્રમ.....૦૪
- વામનની વિરાટ છલાંગ......................૦૫
- સી. પી. શાળાનો વાર્ષિક કાર્યક્રમ .............૦૬
- દિવ્યાંગ મતદાતાઓ કેટલાં છે ? .............૦૬
- નટરાજ સી. પી. બાળકોની શાળા.............૦૭
- સી.પી. સ્કૂલમાં 'ડાઉન સિન્ડ્રોમ ડે' ની ઉજવણી...૦૮
- કે. એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ .........૦૯
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ.....................૧૦
- પી.એન.આર. હોસ્પિટલ ....................૧૧
- પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર...૧૧
- અંબા સી. પી. હોસ્ટેલ.......................૧૨
- સંસ્થામાં સેવારત ડૉક્ટરશ્રીઓ................૧૩
- શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા (પ્રા.વિ.)...૧૪
- શ્રવણમંદોની માધ્યમિક અને ઉ.મા.શાળા.......૧૪
- સુમિટોમો કેમિકલ ઈન્ડિયા લિમીટેડ તરફથી શ્રવણયંત્ર વિતરણ...........................૧૭
- અલંગ ઓટો દ્વારા શ્રવણયંત્ર વિતરણ કરાયા.... ૧૮
- દેશની સર્વોચ્ચ અદાલતનો વેધક સવાલ.........૧૮
- શ્રીમતી પી.આર. વાઘર સાધન-સહાય વર્કશોપ..૧૯
- શૈક્ષણિક પઝલ ઉકેલી........................૧૯
- કે.કે. અજમેરા ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ .........૨૦
- શેઠશ્રી વી. સી. લોઢાવાળા હોસ્પિટલ..........૨૧
- સાઈન લેંગ્વેજની કમાલ......................૨૧
- 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા..........૨૨
- વિવિધા..........................................૨૩
- તસ્વીર સમાચાર...............................૨૪
- લાઈબ્રેરી........................................૨૫
- ડોનેશન લિસ્ટ.................................૨૫
- PNR તસ્વીર સમાચાર.....................૨૭


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

## 'વર્લ્ડ ડાઉન સિન્ડ્રોમ ડે' અને 'વર્લ્ડ ઓટિઝ્મ ડે' ની ઉજવણી

ભારત સરકાર દ્વારા ૨૦૧૬માં RPWD એકટ પસાર કર્યો. તેમાં જે ૨૧ પ્રકારની વિકલાંગતાનો સમાવેશ કર્યો છે, તેમાં આપણી ભાવનગરની દિવ્યાંગ સંસ્થાઓમાં ઘણાં પ્રકારની દિવ્યાંગતા માટે શિક્ષણ, તાલીમ, સારવાર અને પુનર્વસનનું કાર્ય થઈ રહ્યું છે.

હાલમાં જ તા. ૨૧ માર્ચના રોજ **વર્લ્ડ ડાઉન સિન્ડ્રોમ ડે** અને ૨ એપ્રિલના રોજ **વર્લ્ડ ઓટિઝ્મ ડે**ની ઉજવણી 'અંકુર' અને નટરાજ સી.પી. સ્કૂલમાં કરવામાં આવી. આ ઉજવણી પાછળનો હેતુ લોકોમાં જાગૃતિ કેળવાય, જેથી આવા બાળકોને વહેલાસર ઓળખી, તેની સારવાર શરૂ કરીને તેને સામાન્ય કક્ષા સુધી લઈ જવાની તાલીમ આપી શકાય.

'ડાઉન સિન્ડ્રોમ' એ રંગસૂત્રોની ખામીને કારણે ઉદ્દભવતો જન્મજાત રોગ છે. આપણી 'અંકુર' શાળામાં ૫૦ જેટલા અને નટરાજ સી.પી. સ્કૂલમાં ૨૫ જેટલા આવા બાળકો, વિવિધ થેરાપીઓ અને કૌશલ્યોની તાલીમ લઈ રહ્યા છે. આનો સંપૂર્ણ ઈલાજ શક્ય નથી, પરંતુ તેમને વિવિધ બાબતોમાં સ્વાવલંબી બનાવવા અને સાથે વ્યવસાયિક તાલીમ અપાય છે.

'ઓટિઝ્મ' એટલે કે, સ્વલીનતાથી પીડાતા બાળકની પરિસ્થિતિ જિંદગીભર રહેતી હોય છે. પરંતુ તેમને વિવિધ થેરાપીઓ, શિક્ષણ, તાલીમ, લાગણીસભર વ્યવહારથી તેઓના જીવન વ્યવહારમાં નિયંત્રણ કરી શકાય છે. આ માટે સન ૨૦૧૮થી શ્રી કે.એન.શાહ ઓટિઝ્મ સ્કૂલ, પી.એન.આર. માં ચાલી રહી છે. જેમાં ૭૦ બાળકો અને 'અંકુર' માં ૧૦ બાળકો તાલીમ, શિક્ષણ લઈ રહ્યાં છે.

મિત્રો, ઉપરોકત દિવ્યાંગોની ખૂબ મોટી સંખ્યા આપણા સમાજમાં છે. વાલીઓ જો પોતાના આવા બાળકોને આપણી સંસ્થાઓમાં, જે વિનામૂલ્યે શિક્ષણ-તાલીમ આપે છે, તેમાં લાવી શકે તો તે બાળકોના જીવનમાં ખૂબ પરિવર્તન આવી શકશે.

✍ **કિરીટ રાઠોડ**

**No one is useless in this world who lightens the burden of another**

✍ **Charles Dickens**


**Koshish Thi Kamyabi**
RNI No. GUJGUJ/2013/48176
Postel Reg. No. L2/36/RNP/
BVR-414/ 2022-24, Monthly

- **અંક નં. : ૧૩૬/૫૦૨**
**૧૫ એપ્રિલ - ૨૦૨૪**
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
ફોન: (૦૨૭૮) ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
મો.: ૯૪૯૯૬૬૧૬૯૪/૯૪૯૯૫૫૭૯૭૭
**E-mail** : info@pnrsociety.org
klinstitute.deaf@gmail.com
**Visit us** : www.pnrsociety.org
www.klinstitutedeaf.org


- તંત્રી
**અનંત કે. શાહ**
- સહતંત્રી
**અશ્વિન પંડ્યા**
**કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
**વંશિકા ફોર્મ્સ, ભાવનગર**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
**આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**

- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
**વંશિકા ફોમ્સ, ભાવનગર**
- સંપાદક મંડળ
**ફાલ્ગુની ખાટસુરિયા**
**ગજાનંદ ભટ્ટ**
**જ્યોતિ ભટ્ટી**
**આરિફ જેઠવા**
**પારસ શાહ**
**ભરત કનાડા**
**રાજેશભાઈ હકાણી**




- **જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |

# CONTENTS AT A GLANCE



✍ K. D. PADIA

### ◈ Nataraj C. P. School Roundup

Nataraj Cerebral Palsy School with its Annual Success Story Programme in presence of SDO, Bhavnagar, World Mother Tongue Day Celebration, Participation of its wards with Intellectual Disability in Special Khel Mahakumbh, Parents Meeting, Occupational Therapy Camp benefitting 67 beneficiaries, Bagging BLO Award by one of the staff, special programme in Mahuva Center to honour Shri Balvant K. Parekh in his birth centenary year and celebration of Down Syndrome Day on 21st March remained in highlights during the month.

### ◈ KLID Arms in Actions

The three arms viz. Special Schools, Teachers' Training College and Workshop manufacturing aids and appliances for persons with disability, of the K. L. Institute for the Deaf (KLID) have been active for imparting normal education, augmenting special teachers' force and distribution of aids and appliances. The highlights of activities were 'Nasha Mukta Abhiyan', distribution of hearing aids among 72 beneficiaries, Yoga keeping by disease-free life campaign by organizing workshop, celebration of Vasant Panchami, Farewell function for students of Std. Xth and XIIth, Parents Meeting, visit to Vigyan Nagari, granting scholarships from Padmanabh Mafatlal Group to girls students, celebration of Mother Tongue and Women's Day, Camps for distribution of aids and appliances, etc. among 202 beneficiaries, etc.

### ◈ Ankur Special School Marches Ahead

'Ankur' Special School for Mentally Retarded Children courageously sent its wards to participate in Special Mahakumbh who came out with glittering success. The school also participated by sending 9 wards in State Level Drawing Competition. Their pictures were mostly theme-based, on natural beauty, etc.

### ◈ Other Activities

Celebration of Customer Day, Science Day and Mother Tongue Day of K. N. Shah Hightech Inclusive School; Family Function of PNRS Staff; Allround activities of Disha cum Vikas Project; Medical Services of PNR Hospital and V. C. Lodhawala Hospital; Information on dedicated services of doctors of hospitals; Activity of Pravinchandra Dalal Disability Center; Library Services; Informative article on mental health; news, success stories and useful information for disabled have found place in this issue.

## PNR સોસાયટીના આંગણે ફેમિલી ફોરમનો રંગારંગ કાર્યક્રમ




ભાવનગરની PNR સોસાયટીના, નટરાજ ઓડિટોરિયમ ખાતે, ફિલ્મી સંગીતના ઉભરતા નવોદિત ગાયક કલાકારનું ઘડતર કરતી સંગીત શાળા પ્રો આર્ટિસ્ટ હબ એકેડમીની ઉપક્રમે જૂના તથા નવા ફિલ્મી ગીતોનો કાર્યક્રમ તા. ૯ માર્ચ ૨૪ના રોજ યોજાઈ ગયો હતો. કલાકાર સર્વશ્રી મહેશભાઈ ભટ્ટ, રાજેશભાઈ સોનાણી, વિક્રમભાઈ શુકલ, મિતેષભાઈ અંધારિયા, અભિજ્ઞાબેન દેસાઈ, કશીશભાઈ સોમાણી, પૂજા ચુડાસમા, દેવાંશી ગજ્જર, માનસી નાથાણી વિગેરેએ મસ્તી ભર્યા ગીતો રજૂ કર્યા હતાં. કાર્યક્રમનું સંચાલન શ્રી સિધ્ધાર્થભાઈ ઘોઘારીએ પોતાની આગવી શૈલીમાં કર્યુ હતું.

આ પ્રસંગે આ એકેડમીના મુખ્ય સંચાલક શ્રી અશોકભાઈ નાથાણીને પૂષ્પગૂચ્છ તથા મેમેન્ટો આપી સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ અને સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહે સન્માન કર્યુ હતું. આ પ્રસંગે સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈ, શ્રી પ્રદિપભાઈ ભટ્ટ, શ્રી કીર્તિભાઈ ગાંધી તથા PNR સોસાયટીના ફેમિલી મેમ્બરો અને કલાકારોના પરિવારજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# વામનની વિરાટ છલાંગ

**વિકલાંગતાની મર્યાદાને ઓળંગી, ડૉક્ટર ગણેશ બારૈયાએ MMBS થઈને મેળવી વિરાટ સિધ્ધિ**

**બ્યુરીક્રેસી, કાયદાની ક્રુર મજાક ઉડાડે છે.**

વાત છે વિશ્વના સૌથી નાના કદના ડૉક્ટરની. ઠીંગણાપણું તે દિવ્યાંગતાનો એક પ્રકાર છે અને સરકાર દ્વારા તેને વિકલાંગતાની યાદીમાં પણ સામેલ કરવામાં આવેલ છે. આવી વિકલાંગતા છતાં વામન કદની મર્યાદાને વળોટીને વિરાટ સિધ્ધિ મેળવનાર ગણેશ બારૈયા તમામ દિવ્યાંગો માટે પ્રેરણારૂપ છે. આ ડૉક્ટર અભ્યાસ પૂર્ણ કરી ઈન્ટર્નશીપ સાથે અનુભવ મેળવી રહ્યો છે અને હજુ તબીબી ક્ષેત્રે પોસ્ટ ગ્રેજ્યુએશનમાં પ્રવેશ મેળવી પિડિયાટ્રીક, ડર્મેટોલોજી કે સાયકયાટ્રિકમાં નિષ્ણાત બનવા માગે છે. વાત આ વિરાટ છલાંગ પાછળની સંઘર્ષ યાત્રાની છે.

ગોરખી ગામના ખેતમજુર વિક્રમભાઈ અને દેવુબેન બારૈયાનું આઠમું સંતાન આ ગણેશ. કુલ નવ ભાઈ-બહેનનો પરિવાર. સાત મોટી બહેન અને તે પછી ગણેશ અને તે પછી નાનો ભાઈ. આમ ગણેશ તે સાત બહેનોનો ખોટનો ભાઈ! પરંતુ કુદરતે તેને વામન કદની ખોટ આપીને મોકલ્યો હતો. જો કે ગણેશ પોતાના નામ મુજબ જ પોતાની શારીરિક મર્યાદાઓને બદલે પોતાની શકિત અને ધ્યેય માટે પ્રતિબધ્ધ હતો. ગોરખીની પ્રાથમિક શાળામાં પ્રવેશ મેળવ્યો. કદ નાનું તેથી શાળાએ ચાલીને પહોંચવું અઘરું થઈ જાય. પરંતુ બહેનો પોતાના ભાઈને તેડી લઈને શાળાએ લઈ જાય. નબળી આર્થિક પરિસ્થિતિને કારણે આખરે બહેનોનું પ્રાથમિક શાળા પછી અભ્યાસ પર પૂર્ણવિરામ મુકાઈ ગયું અને ગણેશ માટે વિકટ પરિસ્થિતિ શરૂ થઈ.

ગણેશ બારૈયા કહે છે કે, ''મારા પિતા કયારેક નાસીપાસ થઈ જતા. મોટી નિશાળ એટલે કે હાઈસ્કૂલ તો દેવલી ગામમાં અને અમારા ગામથી એ તો ચાર-પાંચ કિલોમીટર દૂર. પિતા રોજ તેડવા મૂકવા આવે તો કામ કરવા કોણ જાય? આમ છતાં ભણવું તો છે જ છે તે મારા પિતાની ઈચ્છા. અભ્યાસ શરૂ રહ્યો અને મારા ગામમાંથી હાઈસ્કૂલમાં જતા મિત્રોએ મને ખૂબ સાથ આપ્યો. સાથે લઈ જાય અને લાવે.'' હાઈસ્કૂલ પણ પૂરી થઈ અને હવે ધોરણ ૧૧-૧૨ માટે તો તળાજા જવું પડે. ત્યાંની નીલકંઠ વિદ્યાલયમાં પ્રવેશ મેળવ્યો અને ત્યાંના સંચાલકો, શિક્ષકોએ આ ગણેશ બારૈયામાં નવો ઉત્સાહ પૂર્યો. આખરે ગણેશને પોતાની જિંદગીનું ધ્યેય મળી ગયું. નાના કદને કારણે સ્કૂલમાં બેસવાની, લખવાની અને શારીરિક મર્યાદાને કારણે ઝડપથી ન લખવાની, આ બધી જ મુશ્કેલીઓ પડતી. પરંતુ શિક્ષકો અને મિત્રો તેની સાથે રહ્યાં અને ગણેશે ધોરણ ૧૨ ની પરીક્ષા ઉચ્ચ ગુણાંક સાથે પાસ કરી. હવે નિર્ણય કર્યો MMBS કરવાનો. એડમિશન લેવા માટે નીટની એકઝામ પાસ કરવી પડે. આ એકઝામ પણ પાસ કરી અને ૨૦૧૬માં સરકારે બનાવેલા વિશેષ કાયદા મુજબ દિવ્યાંગોની અનામતમાં તેને એમ.બી.બી.એસ. માટે એડમિશન મળી શકે તે નિશ્ચિત થયું. પરંતુ રસ્તો સરળ ન હતો.

૭૨ % દિવ્યાંગતા હોવાના કારણે, મેડિકલ કાઉન્સિલે મનમાની કરી અને ગણેશ બારૈયાને એડમિશન ન આપ્યું. આમ ગણેશ બારૈયા ડૉક્ટર બનવાના દરવાજા બંધ થઈ ગયા. ગણેશના પિતા હારી ગયા અને કહ્યું.''ભલે ડૉક્ટર ન બનાય, બીજું કશુંક કરીશું.'' પરંતુ ગણેશના શિક્ષકો અને શાળાના સંચાલકો હાર માનવા તૈયાર ન હતા. તેઓ તેની પડખે રહ્યા અને હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યાં. હાઈકોર્ટમાં પણ સફળતા ન મળી અંતે સુપ્રિમ કોર્ટમાં ગયા. આખરે સુપ્રિમ કોર્ટમાં ગણેશ બારૈયાની જીત થઈ અને સરકારની જોગવાઈ મુજબ દિવ્યાંગતાની અનામતમાં તેને પ્રવેશ આપવાનો હુકમ થયો. નિર્ણય આવ્યો ત્યારે ૨૦૧૮ ની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી હતી. તેથી ૨૦૧૯ માં પ્રવેશ સમયે ગણેશ બારૈયાની બેઠક અનામત રાખવા અદાલતે આદેશ કર્યો. આખરે ૨૦૧૯માં ભાવનગર યુનિવર્સિટીની મેડિકલ કોલેજમાં ગણેશ બારૈયા નામના ત્રણ ફૂટનું કદ અને ૧૫ કિલો વજન ધરાવતા આ ભાવી તબીબે પગ મૂકયો.

ગણેશ બારૈયા કહે છે, '' એમ.બી.બી.એસ. ના પ્રથમ વર્ષમાં આપણે ફેલ થયા. કારણ કે મારી શારીરિક મર્યાદાને કારણે હું ઝડપથી લખી શકતો ન હતો. થિયરીનો ૧૦૦ માર્કનો પેપર ત્રણ કલાકમાં લખવો, તે સામાન્ય વિદ્યાર્થી અઘરો હોય છે. અમારા ડીન અને સિનિયર્સએ જોયું, તો પ્રેકિટલમાં હું પાસ હતો પણ થિયરીમાં જ નાપાસ. મારી શારીરિક મર્યાદાને ધ્યાનમાં લઈ રાઈટર્સ આપવા માટે તેમણે રજૂઆતો કરી. છેક કલેકટર સુધી ગયા અને આખરે મને રાઈટર મળ્યો. બસ પછી આપણી ગાડી અટકી નથી.અભ્યાસ દરમ્યાન પ્રોફેસર, સિનિયર ડૉક્ટર્સ અને ખાસ કરીને મિત્રોનો ખૂબ સહયોગ મને મળ્યો. સૌથી આગલી બેન્ચમાં જ મારી કાયમી બેઠક,

**મેડિકલ કાઉન્સિલ અને હાઈકોર્ટે એડમિશનનો ઈન્કાર કરી દીધો. છેલ્લે સુપ્રિમ કોર્ટે હાથ ઝાલ્યો.**
**''વામન કદ છે તો શું છે ? બુધ્ધિ તો તિવ્ર છે !''**

પ્રેક્ટિકલ માટે ખાસ ટેબલની વ્યવસ્થા, બહાર જવા-આવવા સમયે મિત્રો સતત સાથે રહે.'' આમ વામન ગણેશ બારૈયાને ડૉક્ટર બનાવવામાં સહુ કોઈએ તેને ખભે ખભા મિલાવીને સાથ આપ્યો.

આજે ગોરખી ગામનો આ ડૉક્ટર ગણેશ બારૈયા, વિશ્વના સૌથી નાના કદના ડૉક્ટર તરીકેની મોટી સિધ્ધિ ધરાવે છે.ડૉ. ગણેશ, વિશ્વના સૌથી નાની ઉંચાઈ ધરાવતા ડૉક્ટર હોવાના કારણે સમયાંતરે વિવિધ કાર્યક્રમોમાં તેમનું સન્માન કરવામાં આવ્યું છે. એક સમયે મેડિકલ કાઉન્સિલે જેને વામન ગણી તબીબી વ્યવસાય માટે તે યોગ્ય નથી, તેવું જણાવ્યું હતું, તે જ ગણેશ બારૈયા આજે ભાવનગરની સર.ટી. હોસ્પિટલમાં ડૉક્ટર બની દર્દીઓને તપાસે છે અને તેના મિલનસાર સ્વભાવ અને નિદાન-સારવારથી દર્દીઓ પણ ખુશ છે. ડૉક્ટર ગણેશ બારૈયા કહે છે, ''શારીરિક ખોટ ક્યારેય નડતી નથી. જો તમારી શકિત અને પ્રતિભા પર તમને ભરોસો હોય અને આગળ વધવા માટે મહેનત કરવાની તૈયારી હોય, તો ઈશ્વરના આશીર્વાદ અને બધા લોકોનો સહયોગ આપોઆપ મળી રહે છે.''

# સી. પી. શાળાનો વાર્ષિક ''સાફલ્ય ગાથા'' કાર્યક્રમ




PNR સોસાયટી ભાવનગર સંચાલિત, નટરાજ સેરેબ્રલ પાલ્સી (મગજનો લકવા) ધરાવતા બાળકોના વિશિષ્ટ શિક્ષણ અને તાલીમ તથા સાર-સંભાળ માટેની સંસ્થાનો વાર્ષિક **"સાફલ્ય ગાથા"** કાર્યક્રમ, નટરાજ કોલેજના ઓડિટોરિયમમાં શનિવાર તા. ૦૯ માર્ચ, ૨૪ ના રોજ રંગે ચંગે સંપન્ન થયેલ હતો.

સંમિલિત ભૂલકાઓ દ્વારા ગવાયેલ પ્રભુ પ્રાર્થના બાદ, સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે પધારેલ મહાનુભાવોનું શાબ્દિક અને પૂષ્પગૂચ્છોથી સ્વાગત કરાવેલ હતું. સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ તથા સી.પી. સ્કૂલના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન સોલંકીએ ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે વિજેતાઓને તથા દિવ્યાંગોને પુરસ્કાર તથા સાધન સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. સી.પી. સ્કૂલના કર્મચારીઓ માટે સન્માન પત્ર અને રોકડ પુરસ્કાર શાર્તુલ ફાઉન્ડેશન-મુંબઈ દ્વારા તથા લીલાવતીબેન ફકીરચંદ શર્મા કોર્પસ ફંડમાંથી દિવ્યાંગોને સાધન સહાય વિતરણ, હિયરીંગ એઈડ, વોકેશનલ ટ્રેઈનિંગ કીટ, સ્પોર્ટસ ડ્રેસ તથા હાઈડ્રોથેરાપી કીટ લાભાર્થીઓને આપવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત અતિથિવિશેષ સર્વશ્રી શ્રીમતી પૂર્ણિમાબેન કોમલકાન્તભાઈ શર્મા (લીલા ગ્રુપ), શ્રી ભગિરથસિંહ ચુડાસમા (SDO, ભાવ. જિ. સમાજ સુરક્ષા), શ્રી ઉદયભાઈ દવે (ડાયરેકટર, નારાયણ સેવા સંસ્થા, ભાવનગર), શ્રી હર્ષાબેન રામૈયાએ પ્રસંગોચિત વકતવ્ય આપ્યું હતું. સી.પી. સ્કૂલ, કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેકટના બાળકોએ સાંસ્કૃતિક, શારીરિક, મનોરંજક આઈટમનું પરફોર્મન્સ આપી, હાજર સૌ કોઈના દિલ ડોલાવી દીધા હતાં. કાર્યક્રમનું સંચાલન વિ. શિ. શ્રી ખેવનાબેન ઓઝા તથા આભારવિધિ શ્રી જીજ્ઞાબેન સોલંકીએ કરેલ હતી.

આ પ્રસંગે સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈ શાહ, શ્રી ઈલાબેન શાહ, શ્રી ધીરૂભાઈ ધંધુકિયા, શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી હર્ષકાન્તભાઈ રાખશિયા, શ્રી પ્રદિપભાઈ ભટ્ટ, શ્રી અમરજયોતિબા ગોહિલ, શ્રી અંબિકાબેન ટેકરીવાલ, શ્રી હંસાબેન ફતનાણી તથા કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## દિવ્યાંગ મતદાતાઓ કેટલાં છે ?

અત્યારે દેશભરમાં ૮૮.૩૫ લાખ મતદાતાઓ છે, ગઈ લોકસભાની ચૂંટણીમાં ૪૫.૬૪ લાખ PwD મતદાતાઓ હતાં. ચૂંટણી પંચે કહ્યું કે, 'મતદાનના દિવસે પહોંચવાનો અને સમાવેશીકરણ સુનિશ્ચિત કરી, દિવ્યાંગ વ્યકિતઓના સમર્થન કરવાનું પ્રસંશનીય કાર્ય થયું છે.' **(સૌ. : ગુજરાત વૈભવ)**



# નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



✍ વિભૂતિ વ્યાસ

**ચિત્ર વિશ્વ માતૃભાષા દિવસ :**

તા. ૨૧ ફેબ્રુ. `૨૪ના રોજ વિશ્વ માતૃભાષા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી. જેનાં અંતર્ગત ત્રિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બાળવાર્તા કથન, કવિતા ગાયન, બાળ રમતો, માતૃભાષા વિષય પર નિબંધ લેખન સ્પર્ધા, ચિત્રોમાં રંગપુર્ણી સ્પર્ધા, સુલેખન સ્પર્ધા વગેરે દ્વારા માતૃભાષા દિવસને ગરીમાપૂર્ણ બનાવી દિધો હતો. આ કાર્યક્રમોનું આયોજન અને સંચાલન શાળાનાં આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા કરવામાં આવેલ. શાળાના સી.પી. બાળકો તથા સ્ટાફે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

**સ્પેશ્યલ ખેલમહાકુંભ (આઈ.ડી.) :**



તા. ૨૪ અને ૨૬ ફેબ્રુ.`૨૪ના સ્પોર્ટસ કોમ્પલેક્ષ, સિદસર ખાતે સ્પે.ખેલમહાકુંભ(આઈ.ડી.)નું આયોજન બે તબકકાઓમાં કરવામાં આવેલું જેમાં તા. ૨૪ ફેબ્રુ. `૨૪ ના રોજ ઉચ્ચ ક્ષમતા તેમજ તા. ૨૬ ફેબ્રુ. `૨૪ના રોજ નિમ્ન ક્ષમતાનાં કુલ ૨૪ વિદ્યાર્થીઓએ પોતાની ક્ષમતાથી ઉપર ઉઠી ઉત્સાહભેર ભાગ લીધો. જેમાં બાળકની શારીરિક સ્થિતીને ધ્યાનમાં રાખી તેના માટે રમતની પસંદગી કરવામાં આવેલ. જેનાં અંતર્ગત વોક, દોડ,બોચી અને શોફટબોલ થ્રો જેવી રમતોમાં પોતાની ક્ષમતા બતાવી, સંસ્થા પરિવારનું ગૌરવ વધારેલ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ શ્રી કાર્તિકભાઈ વ્યાસ, શ્રી વરૂણભાઈ વ્યાસ, શ્રી જયોતિબેન પરમાર, શ્રી તૃપ્તિબેન મહેતા, તેમજ સ્ટાફે સફળતાપૂર્વક સંપન્ન કર્યુ હતું.

**ગ્રિનીસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડ :**



તા. ૨૭ ફેબ્રુ. `૨૪ના રોજ વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણીનાં ભાગ રૂપે ૬ઠ્ઠી ડિસેમ્બરે યોજાયેલ દિવ્યાંગ બાળકોની ગાયત્રી મંત્ર સાધના કાર્યક્રમ અંતર્ગત સી.પી. સ્કૂલને પાર્ટિસિપેશનનું સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યું હતું. જેને સી.પી. સ્કૂલની ધો-૬ની વિદ્યાર્થીની ધામેલીયા મનસ્વીના હસ્તે સંસ્થા વતી સ્વીકારવામાં આવ્યું.

**વાલી મિટીંગ :**

તા. ૧ માર્ચ `૨૪ના રોજ વાલી મિટીંગનું આયોજન કરવામાં આવ્યું. જેના અંતર્ગત વિવિધ મુદ્દાઓ જેવાકે સંગીતની પરીક્ષા માહિતી, ખેલ મહાકુંભ સ્પોર્ટસ(આઈ.ડી.)માહિતી, મેગા અસેસમેન્ટ કેમ્પ, યુનિટ ટેસ્ટ, એવોર્ડસ ફોર્મ અંગે માહિતી, નવા પ્રવેશ માટે દરેક વિસ્તારમાં અવેરનેસ કેમ્પ, વાલી તાલીમ, કરાટે અંગે માહિતી, વાર્ષિકોત્સવ અંગે મહિતી, સ્વાસ્થ્ય સંજીવની યોજના વગેરે વિશે આચાર્યશ્રી જીજ્ઞાબેન દ્વારા માહિતી આપવામાં આવી હતી.

**ઓકયુપેશનલ થેરાપી અસેસમેન્ટ કેમ્પ :**



તા. ૧૫-૧૬ માર્ચ `૨૪ નાં રોજ પી.એન.આર સોસાયટી સંચાલીત નટરાજ સી.પી. સ્કૂલમાં **મેગા અસેસમેન્ટ કેમ્પ**નું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ.દિપક ગંજીવાલા(ઓકયુપેશનલ

થેરાપિસ્ટ, ભાઈકાકા યુનિ. આણંદ, ગુજરાત), ડૉ. બ્રિજેશકુમાર એમ. મિશ્રા(પીડિયાટ્રિક ઓક્યુપેશનલ થેરાપિસ્ટ, પર્પલ ચાઈલ્ડ ડેવલોપમેન્ટ સેન્ટર), ડૉ. મૃત્યુંજય મુકુન્દ (ફેકલ્ટી હેડ, ઓક્યુપેશનલ થેરાપિસ્ટ, બી.એમ. ઈ ન્સ્ટિટ્યુટ ઓફ મેન્ટલ હેલ્થ, અહેમદાબાદ), ડૉ. કેલ્વિન પટેલ (પેડિયાટ્રીક ઓક્યુપેશનલ થેરાપિસ્ટ, લીટલ ફિંગર કલીનીક, અહેમદાબાદ, સેક્રેટરી, ગુજરાત બ્રાન્ચ ઓફ AIOTA), ડૉ. અનીલ સિંઘ (સ્પિચ થેરાપિસ્ટ), શ્રી જયેશભાઈ ધંધુકિયા તથા શ્રી અજીત વિશ્વકર્મા (સ્પે.એજયુકેટર) એ સેવા આપેલ. બે દિવસના કેમ્પ દરમ્યાન કુલ ૬૭ લાભાર્થીનુ એસેસમેન્ટ કરી. સારવાર અને શિક્ષણ અંગે માર્ગદર્શન આપવામા આવેલ. આ ઉપરાંત સંસ્થામા નવા જોડાયેલ થેરાપીસ્ટો માટે ટ્રેનિંગ સેશન પણ રાખવામા આવેલ. જેમા લિફ્ટીંગ અને કેરીંગ વિષય ઉપર ડો. દિપક ગંજીવાલે અને ડો. બ્રિજેશ મિશ્રા દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામા આવેલ. સમગ્ર કેમ્પનુ સંચાલન સી.પી. સ્કૂલના આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ, શાળાના વિશિષ્ટ શિક્ષક શ્રી વરૂણભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવેલ.

**મહુવા સેન્ટર :**

બળવંતભાઈ પારેખ જન્મ શતાબ્દિ મહોત્સવ (પીડી લાઈટ, ગ્રામ નિર્માણ સમાજ, મહુવા) અંતર્ગત વિવિધ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. તેમાં સોફ્ટ બોલ થ્રો ગેઈમમાં મહુવા સેન્ટરના ૧-૧૦ વર્ષ માં ત્રણ અને ૧૦-૧૫ વર્ષમાં ત્રણ એમ ૬ બાળકોએ ઈનામ મેળવ્યાં. સેન્ટરના ડૉ. કનીઝ બદામી અને



સ્મિતાબેન ટાપણીયા એ માર્ગદર્શન પૂરું પાડયું હતું.

**બી.એલ.ઓ. ની શ્રેષ્ઠ કામગીરી બદલ એવોર્ડ :**



૧૪ માં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણીના સંદર્ભે ભાવનગર ૧૦૫ પશ્ચિમ વિધાનસભા વિભાગમાં શ્રેષ્ઠ બુથ લેવલ ઓફિસરની કામગીરી બદલ શ્રેષ્ઠ બીએલઓ એવોર્ડ સી.પી. સ્કૂલના કર્લાક શ્રી દિનેશભાઈ મકવાણાને એનાયત કરવામાં આવ્યો હતો.


## નટરાજ સી.પી. સ્કૂલમાં 'ડાઉન સિન્ડ્રોમ ડે' ની ઉજવણી



PNR સોસાયટી, ભાવનગર સંચાલિત, નટરાજ સેરેબ્રલ પાલ્સી (મગજનો લકવો) ધરાવતા બાળકોના વિશિષ્ટ શિક્ષણ, તાલીમ અને સાર-સંભાળ માટેની સંસ્થામાં તા. ૨૧ માર્ચ **વર્લ્ડ ડાઉન સિન્ડ્રોમ ડે** ની ઉજવણીનો કાર્યક્રમ રંગે ચંગે સંપન્ન થયેલ હતો. સંસ્થાના માદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડના સ્વાગત અને પ્રસંગ પરિચય આપ્યા બાદ, તજજ્ઞોએ રંગસૂત્રમાં ક્ષતિથી આવતી દિવ્યાંગતાની સરળ સમજણ આપી. દિશા કમ વિકાસ પ્રોજેકટના બાળકોએ નૃત્ય અને સી.પી. બાળકોએ બાળગીતો રજૂ કર્યાં.ડૉ. કુણાલ મિસ્ત્રી (MPT) એ સેલ્ફ કેર, વિવિધ થેરાપી, બિહેવિયર મેનેજમેન્ટ અને સંમિલિકરણ દ્વારા ડાઉન સિન્ડ્રોમ ધરાવતા બાળકોની સમસ્યા નિવારી શકાય છે, તેવી સમજણ આપી હતી. કાર્યક્રમ સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, ઈન્ચાર્જ પ્રિન્સિપલ શ્રી જીજ્ઞાબેન સોલંકી, દિવ્યાંગ બાળકો, વિશિષ્ટ શિક્ષકો અને વાલીઓની પ્રેરક હાજરીમાં આ કાર્યક્રમ સંપન્ન થયો.



# કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ



ધીરુભાઈ ધંધુકિયા

**વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી :**



સ્કૂલમાં તા. ૨૧-૨ ના રોજ વિશ્વ **માતૃભાષા દિનની ઉજવણી** કરવામાં આવી હતી. જેમાં બાલમંદિર તેમજ ધો. ૧ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહભેર 'મારી ભાષા મારું ગૌરવ' ના નારા લગાવી માતૃભાષાને લગતા પુસ્તકો, ગીતા, રામાયણ અને નવલકથાઓ સાથે પોથીયાત્રા કાઢી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ માતૃભાષાનું આપણા જીવનમાં કેટલું મહત્વ છે, સમાજમાં માતૃભાષાની ગરીમા જળવાઈ રહે સાથો-સાથ વ્યાવસાયિક, શિક્ષણક્ષેત્રે પણ માતૃભાષાને મહત્વ આપવામાં આવે છે, તે બાબતથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવેલ. આ ઉપરાંત માતૃભાષાને જાળવી રાખવા કેવા પ્રયત્નો કરવા જોઈએ ? તે અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક શ્રી દક્ષાબેન દ્વારા, શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ.

**'વિજ્ઞાન દિવસ' ની ઉજવણી :**



સ્કૂલમાં તા. ૨૮-૨ ના રોજ **'વિજ્ઞાન દિવસ' ની ઉજવણી** અંતર્ગત ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રયોગ શાળાની મુલાકાત કરાવી, વિવિધ પ્રયોગો કરાવવામાં આવેલ તથા વિદ્યાર્થીઓએ પોતાની આત્મશક્તિ અને આવડત મુજબ અવનવા પ્રયોગો બનાવી તેનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. તેમજ વૈજ્ઞાનિકો વિશેની રસપ્રદ માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવેલ. આ ઉપરાંત ૨૮ ફેબ્રુઆરીના દિવસે, સર સી.વી. રામન દ્વારા પોતાની શોધની જાહેરાત કરવામાં આવી હતી. આ શોધ માટે તેમને વર્ષ ૧૯૩૦માં નોબેલ પારિતોષિક આપવામાં આવ્યું હતું. રાષ્ટ્રિય વિજ્ઞાન દિવસનો મૂળ હેતુ યુવાન વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રતિ આકર્ષિત તેમજ પ્રોત્સાહિત કરવા અને સામાન્ય જનતાને વિજ્ઞાન અને વૈજ્ઞાનિક સિધ્ધિઓ પ્રતિ સજાગ રાખવાનો છે, તે બાબતથી વિદ્યાર્થીઓને અવગત કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમ શ્રી પાર્થભાઈ, શ્રી પ્રિયંકાબેન તથા અર્ચનાબેનના નેતૃત્વ હેઠળ ગોઠવવામાં આવેલ. શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયાએ તમામને આવી પ્રવૃત્તિઓ કરતા રહો અને બાળવૈજ્ઞાનિકો બનાવતા રહો, તેવી શુભેચ્છા પાઠવેલ.

**વિશ્વ ગ્રાહક અધિકાર દિવસની ઉજવણી :**


સ્કૂલમાં તા. ૧૫-૩ ના રોજ **વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ** અંતર્ગત નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ધો. ૯ થી ૧૧ ના વિદ્યાર્થીઓ દ્વારા ગ્રાહક અધિકાર શું છે ?, જીવન માટે હાનિકારક એવા માલ અને સેવાઓ મામલે માહિતી મેળવવાનો અધિકાર, ગુણવતા અંગે સુનિશ્ચિત થવાનો અધિકાર અને ગ્રાહક શિક્ષાનો અધિકાર વગેરે બાબતોને આવરીને ખૂબ જ સુંદર નિબંધો લખવામાં આવ્યાં હતાં. દર વર્ષે ૧૫મી માર્ચના રોજ વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ ઉજવાય છે, ૨૦૨૩ ની થીમ "Empowering Consumers through clean energy transitions", વિશ્વ ઉપભોકતા દિવસ, અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ જોન એફ કેનેડી દ્વારા પ્રેરિત હતો, જેમણે ૧૫ માર્ચ ૧૯૬૨એ અમેરિકાની કોંગ્રેસને એક ખાસ સંદેશો મોકલાવ્યો હતો. જેમાં ઔપચારિક રૂપથી ઉપભોકતા અધિકારોના મુદ્દે સંબોધિત કરવામાં આવ્યાં હતાં. આ દિવસની ઉજવણીની શરૂઆત વર્ષ ૧૯૮૩માં Consumers International દ્વારા કરવામાં આવી હતી, ભારતમાં દર વર્ષે ૨૪મી ડિસેમ્બરને રાષ્ટ્રિય ગ્રાહક દિવસ તરીકે ઉજવવામાં આવે છે, આ દિવસે ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૧૯૮૬ને રાષ્ટ્રપતિએ સમંતિ આપી હતી અને તે અધિનિયમ અમલમાં આવ્યો હતો. આ બધી જ બાબતનો વિગતવાર ખ્યાલ શાળાના શ્રી દક્ષાબેન પંડયા દ્વારા, વિદ્યાર્થીઓને આપવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા દ્વારા કરવામાં આવેલ.



# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ

## દિવ્યાંગો માટે આશા કિરણ...

અમિત મિત્રા



**વોકેશનલ એક્ટિવિટી :**

પી.એન.આર. સોસાયટી સંચાલિત અને નેશનલ ટ્રસ્ટ, ન્યૂ દિલ્હી દ્વારા ચલાવવામાં આવતા આ દિશા કમ વિકાસ પ્રોજેક્ટ દ્વારા, બાળકો આર્થિક ઉપાર્જન કરતાં શીખે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત ફેબ્રુઆરી માસ દરમ્યાન બાળકોને પ્રિ-વોકેશનલ અક્ટિવિટીમાં રૂપિયાના સિક્કા વાળું શ્રીફળ, હળદર-સોપારી ગણપતી, હેગિંગ પિરામીડ, ચોકલેટ બોક્ષ બનાવતા બાળકોને શીખવવામાં આવ્યું હતું.

**લોકલ પ્રોજેક્ટ કમિટી મિટીંગ :**

તા. ૨૫/૧ના રોજ દિશા કમ વિકાસ પ્રોજેક્ટની મિટીંગનું આયોજન કરવામાં આવેલ, જેમાં નીચેના મુદ્દા અંગે વાલીઓને માર્ગદર્શન આપવામાં આવેલ. સી.પી. સ્કૂલમાં એન્યુઅલ ફંકશનમાં ભાગ લેવા બાબત, સી.પી. સ્કૂલ અંતર્ગત તા. ૧૫,૧૬,૧૭ માર્ચના રોજ IQ ASSESSMENT CAMP માં ભાગ લેવા બાબત, પ્રોજેક્ટમાં નવા બાળકોનું એનરોલમેન્ટ કરવા બાબત. નિરામયા હેલ્થ પોલિસી રીન્યુ કરાવવા માટે દરેક વાલીને ફોર્મ ભરવા માર્ગદર્શન આપવા બાબત.

**વસંતપંચમીની ઉજવણી :**

તા. ૧૪ ફેબ્રુ.`૨૪ને બુધવારનાં રોજ વસંત પંચમીની ઉજવણી ખૂબજ ઉત્સાહભેર કરવામાં આવી હતી. સરસ્વતી માના પૂજન-અર્ચન તથા તેના મહિમાનું વર્ણન કરતા ભક્તિગીતો, શ્લોકો દ્વારા સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. શાળાનાં શિક્ષકો તથા તાલીમાર્થીઓ દ્વારા વસંતપંચમીનું મહત્વ સમજાવી, બાળકોને માહિતગાર કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી જીજ્ઞાબેન સોલંકીનાં માર્ગદર્શન અનુસાર કરવામાં આવ્યું હતું.સાથે સંસ્થાના માનદ્ મંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડ તથા સંસ્થાના કર્મચારી કેરગિવર્સ શ્રી રીનાબેન વસોયાને જન્મ દિવસની શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

**આઇ.ડી. બાળકોનો જિલ્લા કક્ષાનો ખેલ મહાકુંભ :**

તા. ૨૪ અને ૨૬ ફેબ્રુ.`૨૪ના રોજ આઈ.ડી. બાળકોના ખેલમહાકુંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દિશા કમ વિકાસ પ્રોજેક્ટના વિદ્યાર્થીઓએ પોતાની શાળામાંથી અને પ્રોજેક્ટ દ્વારા ભાગ લીધો હતો, જેમાં ઉચ્ચ ક્ષમતા વિભાગમાં ૮ બાળકોએ તથા નિમ્ન ક્ષમતા વિભાગમાં ૧૦ બાળકોએ પોતાની શાળામાંથી અને પ્રોજેક્ટ દ્વારા ૫૦ મી.દોડ, ૧૦૦મી.દોડ, ૨૦૦મી.દોડ, ૪૦૦મી.દોડ, ૨૫મી.ચાલ, ૫૦મી.ચાલ, ૧૦૦મી.ચાલ,લાંબી કુદ, સોફ્ટ બોલ થ્રો, બોચી જેવી સ્પર્ધામાં ભાગ લીધો હતો. જે માટે વિદ્યાર્થીઓને પ્રોજેક્ટના સ્ટાફ દ્વારા પ્રેક્ટીસ કરાવવામાં આવી હતી. જેમાં નીચેના વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા. શુભમ રાજેશભાઈ ચૌહાણ એ ૨૦૦મી.દોડમાં દ્વિતીય અને ૪૦૦મી.દોડમાં દ્વિતીય, જાનવી ધર્મેશભાઈ ખંભાળિયાએ ૫૦ મી.દોડમાં તૃતીય અને બોચીમાં તૃતીય, કમલ કૈલાસભાઈ જૈન એ ૪૦૦મી.દોડમાં તૃતીય, હર્ષરાજસિંહ હેમરાજસિંહ પરમારએ લાંબી કુદમાં તૃતીય, પંથી સાગરભાઈ મિયાણી એ બોચીમાં તૃતીય, દર્શન રમેશભાઈ ગોહેલ એ બોચીમાં પ્રથમ, ધ્રુવી જતીનભાઈ મકવાણા એ બોચીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી સંસ્થાનુ ગૌરવ વધાર્યુ છે, જે બદલ કોર્સ કો-ઓર્ડીનેટર ડો. અમિત મિત્રાએ સૌ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

**હાલરડા ગાન સ્પર્ધા :**




અમુલભાઈ પરમાર દ્વારા ભાવનગર જિલ્લામાં સૌ પ્રથમવાર **હાલરડા ગાન હરીફાઈ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જે સ્પર્ધામાં ભાગ લેવા માટે તા. ૯ ફેબ્રુ.`૨૪ના રોજ નટરાજ સી.પી. સ્કૂલ અને સંલગ્ન પ્રોજેક્ટના વાલીગણ, શિક્ષકગણ, અને વિદ્યાર્થીઓનું સીલેકશન રાખવામાં આવ્યું હતું. જેમાંથી સારા હાલરડા ગાયકની પસંદગી કરવા માટે ૨૫ ફેબ્રુ.`૨૪ના રોજ અંધ ઉધોગ શાળા ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૧ વર્ષ થી ૫૧ વર્ષ સુધીની કેટેગરીમાં દિશા કમ વિકાસ પ્રોજેક્ટના વાલી દયાબેન મોરીની પસંદગી પામ્યા હતા. આ સ્પર્ધાનો ફાઈનલ રાઉન્ડ ૧૭ માર્ચ ૨૪ના રોજ મેઘાણી ઓડિટોરીયમ ખાતે યોજાયો હતો.જેમાં દયાબેન મોરીને વિજેતા બનવા બદલ **શ્રેષ્ઠ ગાયક** તરીકેનું ઈનામ અને ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું હતું. જે માટે શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા તેમને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.



# પી. એન. આર. હૉસ્પિટલ



✍ મહાસુખભાઈ જકડિયા

**ફેબ્રુઆરી - ૨૪ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | પ્રોસિજર ઓપરેશન સંખ્યા |
|---|---|---|
| ઓર્થોપેડિક | ૧૭૧ | ૨૨ - ૦૨ |
| આંખ | ૧૨૫૬ | - - ૩૯૨ |
| આંખની છારી | - | ૬૨ - - |
| ઈ.એન.ટી. (કાન-નાક-ગળા) | ૩૦૩ | ૧૪૦ - ૦૬ |
| ઓર્થોસ્કોપી | ૨૯ | ૦૧ - ૦૧ |
| ઓર્થોડેન્ટલ | ૧૬૩ | ૧૯૧ - - |
| જનરલ ઓપીડી | ૭૭૬ | - - - |
| એક્ષ-રે | ૧૧૨ | - |
| લેબોરેટરી | ૪૧૦ | ૧૪૪૮ (ટેસ્ટ) |

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | પ્રોસિજર ઓપરેશન સંખ્યા |
|---|---|---|
| ચામડી | ૫૩ | - |
| આંખના પડદા | ૩૮ | - |
| પેઈન મેનેજમેન્ટ વિભાગ | ૧૦ | - |
| M. D. ફિઝીશ્યન વિભાગ | ૮૩ | - |
| **પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર** | | |
| પ્લાસ્ટિક સર્જરી | ૩૮ | - |
| હેર ઈમ્પ્લાન્ટ | ૧૪ | ૦૬ |
| પીડિયાટ્રિક ડેન્ટલ | ૦૧ | ૧૩ |

આ માસ દરમિયાન કુલ **૪૩૨૪** દર્દીઓએ લાભ લીધો હતો.

◈ સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૧૪૫** લાભાર્થીઓએ **રૂા. ૧૭.૨૯૦/-** ની સહાય મેળવેલ છે.

◈ મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૦૭** લાભાર્થીઓએ **રૂા. ૮૭૦/-** ની સહાય મેળવેલ છે.



# પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર



✍ જીજ્ઞેશ પારેખ

**પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :**

તા. ૪ થી ૬ ફેબ્રુ.`૨૪ ના રોજ કોન્જીનીટલ ડિફોરમિટી પ્રોજેક્ટ અન્વયે **પ્લાસ્ટિક સર્જરી કેમ્પ**નું આયોજન, દાતાશ્રી **સ્ટેકબેક ઝવેલરી પ્રા. લિ.-મુંબઈ**ના આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ **૩૮** બાળકોની તપાસ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન) દ્વારા કરવામાં આવી હતી. તે પૈકી **૪** કપાયેલાં હોઠ, **૫** તાળવામાં કાણું અને **૨** હાઈપોસ્પેડિયા એમ કુલ **૧૧** ઓપરેશન કર્યા હતાં. આ કેમ્પ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા અને ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક) તથા હોસ્પિટલના નર્સિંગ સ્ટાફની જહેમતથી સફતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

**યુપા ફ્રેશ પ્રા. લિ.-મુંબઈ ડેફનેસ બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ :**

ફેબ્રુ.`૨૪ દરમિયાન શિહોર તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં **૧૦૨૪૪** બાળકોનું પ્રાઈમરી સ્ક્રિનિંગ કરવામાં આવ્યું, તેમાંથી આંખની વિવિધ તકલીફવાળા **૨૬૯** બાળકો મળ્યાં અને કાનની વિવિધ તકલીફવાળા **૬૦૭૯** બાળકો જોવા મળ્યાં હતાં. અને કાનની વિવિધ તકલીફવાળા **૨૧૭** બાળકો જોવા મળ્યા હતાં. બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ અન્વયે **૨૯૧** બાળકોને ચશ્મા વિતરણ કરવામાં આવ્યું હતું. કાનની તકલીફવાળા **૦૯** બાળકોને


પી.એન.આર. હોસ્પિટલમાં વધારાની ટ્રીટમેન્ટ માટે રિફર કર્યા હતાં. તેમાંથી સંસ્થાની હોસ્પિટલમાં ડૉ. અશોકભાઈ બારૈયા (ENT સર્જન) Tympanoplasty અને Mastoidectomy With Tympanoplasty દ્વારા ૪ સર્જરી સફળતાપૂર્વક કરી આપવામાં આવી છે.

## Lady Egremont Pediatric Ophthalmic Centre :

પી.એન.આર. સોસાયટી તથા દાતાશ્રીઓના સાથ




સહકારથી પ્રિવેન્શન પાર્ટનરશિપ પ્રોગ્રામ દ્વારા ત્રાંસી આંખ, બાળ મોતિયો, આંખમાં ફૂલુ વિગેરેનું સારવાર-નિદાન અને ઓપરેશન થાય છે અને તે પણ નિઃશુલ્ક. Lady Egremont Pediatric Ophthalmic Centre, પી.એન.આર. હોસ્પિટલમાં તા. ૨-૩ ફેબ્રુઆરીના રોજ નેશનલ એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડ, ભાવનગર શાખાના આર્થિક સહયોગથી એક કેમ્પ ઓર્ગેનાઈઝ કરવામાં આવ્યો હતો. આ કેમ્પ દરમ્યાન પી.એન.આર. હોસ્પિટલમાં મુંબઈના જાણિતા Pediatric Ophthalmic Surgeon Dr. Janak Shah (M.B.DO. Bom.), (DO MS Bom.) અને Dr. preeti Shah આવેલાં. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયામંદ ૬૯ બાળકોની તપાસ Dr. Janak Shah - Dr. preeti Shah Pediatric Ophthalmic સર્જન દ્વારા કરવામાં આવી હતી. જે પૈકી **૩** ત્રાંસી આંખ, **૨** ટોસીસ, **૫** નિસ્ટેગ્મશ (ઈન્જેકશન ટ્રાયસેન્સ), **૫** ફંડશ એન્ડ રિફ્રેશન એમ કુલ **૧૫** ઓપરેશન કરવામાં આવ્યાં હતાં. આ કેમ્પમાં ખૂબ જ સારો લોક પ્રતિભાવ મળેલ. આ કેમ્પને સફળ બનાવવામાં ડૉ. જનક શાહ તેમજ પી.એન.આર. હોસ્પિટલના સ્ટાફ તથા એનેસ્થેટિક ડૉક્ટર્સ તથા પ્રિવેન્શન વિભાગના શ્રી જીજ્ઞેશભાઈ પારેખે કેમ્પને સફળ બનાવવા સારી જહેમત લીધી હતી.



# અંબા સી.પી. હોસ્ટેલ

## ફેબ્રુઆરી-માર્ચ - ૨૦૨૪

લાલજી પંડયા



**નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવંગત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવેલ**

### ભોજન / મિષ્ટાન

- તા. ૨૧-૨ ના રોજ શ્રી પ્રકાશભાઈ વાળા તરફથી...
- તા. ૨૨-૨ ના રોજ શ્રી સામંતભાઈ બારૈયા તરફથી...
- તા. ૨૨-૨ ના રોજ શ્રી મહેન્દ્રભાઈ તરફથી...
- તા. ૨૯-૨ ના રોજ શ્રી જયશ્રીબેન તરફથી...
- તા. ૨-૩ ના રોજ શ્રી જીલુભા જાડેજા તરફથી...
- તા. ૩-૩ ના રોજ શ્રી ધ્વનિબેન શાહ તરફથી...
- તા. ૧૦-૩ ના રોજ શ્રી કમલેશભાઈ તરફથી...

### નાસ્તો

- તા. ૨૪-૨ ના રોજ શ્રી સરિતાબેન તરફથી...
- તા. ૨૭-૨ ના રોજ શ્રી દીર્ઘાયુભાઈ દેસાઈ તરફથી...
- તા. ૨૮-૨ ના રોજ શ્રી માલિનીબેન દેસાઈ તરફથી...
- તા. ૩-૩ ના રોજ શ્રી શોભનાબેન તરફથી...
- તા. ૮-૩ ના રોજ શ્રી આકાશભાઈ બેલાણી તરફથી...
- તા. ૧૧-૩ ના રોજ શ્રી રેખાબેન કામદાર તરફથી...

# સંસ્થામાં સેવારત ડૉક્ટરશ્રીઓ.

## ૧. ડૉ. અશોકભાઈ બારૈયા (ENT)



પોતાની તકલીફ દર્દીના શબ્દો દ્વારા પ્રસ્તુત અને ડૉક્ટરના કાન સુધી જો યોગ્ય રીતે પહોંચે તો ઈલાજ યોગ્ય અને સચોટ થતો હોય છે. આ ડૉક્ટર પાસે દર્દીઓ પોતાના કાન-નાક તથા ગળાની તકલીફ લઈને આવતા હોય છે અને દર્દીની પીડા તે બરાબર સમજે છે, સાંભળે છે અને તેનો સચોટ ઉપાય પણ કરે છે. વાત, સર્જન ડૉ. અશોકભાઈ બારૈયાની છે.

PNR હોસ્પિટલમાં ENT સર્જન તરીકે સેવા આપી રહેલાં આ તબીબ ભાવનગર જિલ્લાના જ મહુવાના લોંગડી ગામના વતની છે. ડૉ. અશોકભાઈ બારૈયા કાન-નાક-ગળાના સર્જન તો છે જ, સાથે કોકલિયર ઈમ્પ્લાન્ટ સર્જરીમાં પણ વિશેષ કાબેલિયત ધરાવે છે. ત્રણ વર્ષ તેમણે આ વિશેષ કોશલ્ય માટે અભ્યાસ કર્યો છે અને તેનો લાભ PNR હોસ્પિટલમાં આવતા દર્દીઓને મળી રહયો છે. ૨૦૧૫થી સંસ્થા સાથે જોડાયેલા ડૉ. અશોકભાઈ બારૈયા અત્યાર સુધીમાં ૪૭ હજારથી વધુ દર્દીઓને તપાસી ચૂકયા છે અને નાના-મોટા મળી ૧૫૦૦૦થી વધુ ઓપરેશન કરી ચૂકયા છે. PNR હોસ્પિટલમાં નવ વર્ષના તેમના કાર્યકાળ દરમિયાન માત્ર ભાવનગર શહેર અને જિલ્લાના જ નહીં, પરંતુ ગુજરાતમાંથી PNR હોસ્પિટલમાં આવતા દર્દીઓને પણ તેઓની સેવાનો લાભ મળ્યો છે.

સંસ્થા સાથે ૨૦૧૨માં ડેફનેસ પ્રિવેન્શન પ્રોગ્રામ દ્વારા જોડાયેલા ડૉ. બારૈયા, ઈન્ટરનેશનલ કક્ષાની કોન્ફરન્સમાં અનેક વખત રિસર્ચ પેપર પણ રજૂ કરી ચૂકયા છે. સતત અપડેટ થવામાં માનતા અને વર્તમાન પ્રવાહોના સમાચારોમાં રૂચિ ધરાવતા આ તબીબ કહે છે કે, ‘‘માનવ શરીરના સૌથી મહત્વના અંગો સાથે મારે કામ પાર પાડવાનું છે ત્યારે મારી જવાબદારી પણ કેટલી મહાત્વની છે તેનો હું સતત ખ્યાલ રાખું છું.’’

ડૉ. અશોકભાઈ બારૈયા સોમ થી શનિ સમય ૯ થી ૧૨ PNR હોસ્પિટલમાં સેવા આપે છે.

## ૨. ડૉ. પાયલબેન અરોરા (MS Ophtha)



PNR હોસ્પિટલ, દર્દીઓ માટે સેવાનું મંદિર છે અને દર્દીઓની સેવા, સારવાર, કાળજી માટે જે ટીમ જહેમત ઉઠાવી રહી છે, તેમાં તબીબોનું કાર્ય સૌથી મહત્વનું છે. આંખ એ શરીરનું મહત્વનું અંગ છે, તેની સારવાર કરવી એ એટલુજ મહત્વનું કહી શકાય. જો કાળજી લેનાર નિષ્ઠાવાન તબીબ હોય, તો દર્દી આપો-આપ સાજો થવા લાગે છે. આવા તબીબ છે ડૉ. પાયલબેન અરોરા.

૨૦૧૫થી PNR હોસ્પિટલમાં આંખના સર્જન તરીકે સેવા આપી રહેલ ડૉક્ટર પાયલબેન અરોરાના નિષ્ણાત હાથથી નવેમ્બર-૨૩ સુધીમાં એટલે કે સાત વર્ષમાં ૩૫,૦૦૦ થી વધુ દર્દીઓને તેમણે તપાસ્યા છે.૧૦,૦૦૦થી વધુ ઓપરેશન થયા છે અને ૮૦૦થી વધુ છારી કાઢવાની સર્જરી પ્રક્રિયા પણ તેમના દ્વારા થઈ છે. આ સિધ્ધિને નાની ન ગણી શકાય અને એટલે જ તેમની આ સેવા બદલ ૨૦૨૩માં રાષ્ટ્રિય અંધજન મંડળ દ્વારા, તેમને NAB એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં છે. તેઓ ભાવનગરના આંખના ડૉક્ટરમાં નામાંકિત સ્થાન ધરાવે છે. રોજની ૮૦ આસપાસ OPD કરે છે.

આંખના સર્જન હોવાની સાથે તેઓ આધ્યાત્મિક દ્રષ્ટિ ખોલનારા પણ છે. બાળકોને આધ્યાત્મ અને માનવ મૂલ્ય વિશે જ્ઞાન મળે તે માટે પણ તેઓ યથોચિત પ્રયત્ન કરતા રહે છે. તેઓ કહે છે, ‘‘માનવ શરીરના અમૂલ્ય અંગ આંખને બચાવવામાં, તેની સારવારમાં કંઈક કરી શકીએ અને દર્દીની દ્રષ્ટિ યોગ્ય થાય, તે ઈશ્વરે સોંપેલું કામ જ છે. બસ આ રીતે મારા હાથ અને સમજ કાયમ રહે.’’

PNR હોસ્પિટલમાં મોતિયાના થતા ઓપરેશનમાં ૬૦% ફ્રી ઓપરેશન થાય છે, તેમાં ડૉક્ટરશ્રીઓનો સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે.

ડૉ. પાયલબેન અરોરા (M.S., Ophthal), સોમથી શુક્ર, સવારે ૯ થી ૧૦ PNR હોસ્પિટલ ખાતે OPD બાદ, ઓપરેશન કરતા હોય છે.

(નોંધ :- PNR અને લોઢાવાળા હોસ્પિટલમાં લાંબા સમયથી કાર્યરત ડૉક્ટરશ્રીઓની સેવાઓને બીરદાવવાનો નમ્ર પ્રયાસ છે.જે હવે ક્રમબધ્ધ ‘કોશિશ...’ માં આવશે.- તંત્રીશ્રી)



# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)



✍ ગજાનંદ ભટ્ટ

**ગણેશ વંદના :**

જિલ્લા યુવા વિકાસ અધિકારી, ગાંધીનગર દ્વારા યોજાયેલ **વસંતોત્સવ-૨૪** માં ખી.લ. બહેરાં-મૂંગા શાળા ટ્રસ્ટની પ્રાથમિક અને માધ્યમિક શાળાની તેર વિદ્યાર્થીનીઓ દ્વારા ગણેશ વંદના કૃતિ તા. ૧૭-૨ ના રોજ રજૂ કરવામાં આવી હતી. આ માટે શાળાની તેર વિદ્યાર્થીની અને ત્રણ શિક્ષક મિત્રો ગાંધીનગર ગયા હતાં. જેમાં એકતા ગોહિલ-ધો.૫, નિધી સોલંકી-ધો. ૬, મૈત્રી અંબાલિયા-ધો. ૬, ભકિત સુયાણી-ધો. ૬, તનિષા- હડિયા- ધો. ૬, સાક્ષીબા ગોહિલ-ધો. ૭, અસ્મિતા પરમાર-ધો. ૭, દર્શિતા મકવાણા-ધો. ૭, દિપીકા શિયાળ-ધો. ૮, હિરલ બારૈયા-ધો. ૯, ફેન્સી પટોલિયા-ધો. ૯, ધર્મિષ્ઠાબા જાડેજા-ધો. ૯ ના વિદ્યાર્થીઓ હતી અને શિક્ષકોમાં ડૉ. શ્રી કવિતાબહેન શાહ, શ્રી હિતેષભાઈ રૂપારેલીયા, શ્રી શ્રીમબહેન સવજીયાણી (મહેમાન શિક્ષક) હતાં. આ આ કાર્યક્રમમાં ભારતભરના રાજયોએ તેમાં ભાગ લીધેલ. જેમાં આપણી શાળાએ ઉત્કૃષ્ટ દેખાવ કરતા બાળકોને પ્રમાપત્ર અને ૫૦,૦૦૦/- ના રોકડ પુરસ્કારથી નવાજવામાં આવ્યાં હતાં.

**યોગ ભગાડે રોગ :**

પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધો. ૩ થી ૫ ના બાળકો માટે તા. ૮-૩ થી ૧૦-૩ એમ ત્રણ દિવસ **યોગ શિબિર**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના શિક્ષિકા શ્રી મુકતાબેન અને યોગ ટ્રેનર શ્રી અમતુલાબેન ઝવેરી દ્વારા શાળાના બાળકોને યોગ વિશે સરસ માહિતી આપવામાં આવી. તેમજ યોગનું આપણા જીવનમાં મહત્વ અને સાથે-સાથે જુદા-જુદા યોગાસનો અને પ્રાણાયામનું નિદર્શન કરીને બાળકોને શીખવ્યું હતું.

તા. ૧૧-૩ ના રોજ યોગ શિબિર સંપન્ન થતા તેમાં ભાગ લીધેલ બાળકોનો પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ભાવનગર જિલ્લા યોગા એસોસિએશનના સેક્રેટરી શ્રી ડૉ. ધર્મેન્દ્રસિંહ ગોહિલે પ્રોત્સાહક હાજરી આપી હતી. તેમજ તેમણે તેમના પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, "સમધારણ બાળકોની યોગની જે રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય જે ઈવેન્ટો હોય છે, તેમાં તેઓ આ વિશિષ્ટ બાળકોને પણ સામેલ કરશે, તેમજ આ બાળકોની યોગા ટેલેન્ટ વિશેની માહિતી તેઓ મુખ્યમંત્રીને પણ પહોંચાડશે."

અંતમાં બાળકોએ યોગમાં કરેલા પોતાના પર્ફોમન્સ મુજબ તેઓને ગ્રેડ એ.,બી.,સી. ના પ્રમાણપત્ર આપવામાં આવ્યાં. તેમજ તેમાં સહભાગી થનાર તમામ બાળકને ભાગ લેવા બદલનું પ્રમાપત્ર આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના ખજાનચી શ્રી જીતુભાઈ શાહ, સહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ, પ્રાથમિક વિભાગના આચાર્ય શ્રી ડૉ. ધવલભાઈ, માધ્યમિક શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈ ઉપસ્થિત રહયાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયાએ કર્યું હતું.



# શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા



✍ જ્યોતિ ભટ્ટી

**વસંત પંચમી :**

મહા સુદ પાંચમ એટલે **વસંત પંચમી** માતા સરસ્વતી જ્ઞાનની અધિષ્ઠાત્રી દેવી હોવાથી તેને જ્ઞાન પંચમી પણ કહેવામાં આવે છે. આ દિવસે વિદ્યા, કલા અને જ્ઞાનની દેવી, માતા સરસ્વતીનો પ્રાગટયોત્સવ ઉજવવામાં આવે છે. માતાજીનું પૂજન કરવાથી બુધ્ધિ, વિવેક, ગુણ અને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

શાળાના વિદ્યાર્થીઓને માતા સરસ્વતીના આશીર્વાદ મળી રહે તે હેતુથી શાળામાં **સરસ્વતી પૂજન**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો. ૯ થી ૧૨ ના દરેક વિદ્યાર્થીઓએ માતાજીનું પૂજન કરી આશીર્વાદ પ્રાપ્ત કરેલ.

વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું હતું કે વસંત ઋતુ એટલે ઋતુઓની રાણી. આ ઋતુમાં ઝાડ પાન મ્હોરી ઉઠે છે. આ દિવસે પીળા વસ્ત્રો પહેરવાની પ્રથા છે.

આ પ્રસંગે શાળામાં મુખ્ય મહેમાન શ્રી ચંદ્રિકાબેન ઉપસ્થિત રહયાં હતાં, તેઓ આર્યકુળ કન્યા વિદ્યાલયના શિક્ષિકા અને ભાવનગર જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષિકાનો એવોર્ડ પ્રાપ્ત કરેલ છે.



આ ઉપરાંત તેઓ માતૃશકિત આયામ સાથે પણ કાર્યરત છે. જેઓ ભારતીય સંસ્કૃતિ જળવાઈ રહે તેવી પ્રવૃત્તિઓ કરાવી રહયાં છે. તેઓએ માતા સરસ્વતીની પૂજા કરી, સહુને આશીર્વાદ મળે તેવી પ્રાર્થના કરી હતી. કાર્યક્રમનું સંકલન શ્રી વિશ્વાબેન ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ સમગ્ર આયોજન આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે દ્વારા કરવામાં આવ્યું હતું.

**શ્રવણમંદ સરકારી કર્મચારીઓ સન્માન કાર્યક્રમ તેમજ ધો. ૧૦ અને ધો. ૧૨ના વિદ્યાર્થીઓના વાલીનું સંમેલન :**



શાળાના વિદ્યાર્થીઓના સન્માન હેતુ કાર્યક્રમ તેમજ ધો. ૧૦ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓના વાલીઓનું સંમેલન તા. ૨૪-૨ ના રોજ શાળાના ઓડિટોરિયમ ખાતે યોજવામાં આવેલ.

શાળામાં અભ્યાસ કરીને, ઉચ્ચ પરિણામ પ્રાપ્ત કરનાર ૨૨ વિદ્યાર્થીઓ, જેમાંથી ૧૫ વિદ્યાર્થીઓ કેન્દ્ર સરકારના પોસ્ટ વિભાગમાં, ૧ બેન્કમાં કાયમી કર્મચારી, અન્ય રેલ્વે, એસ.ટી. માં એપ્રેન્ટીસ તરીકે, બી.એમ.સી., માં તેમજ પ્રાઈવેટ ફર્મમાં જોડાયેલ છે.

આ વિદ્યાર્થીઓને સંસ્થા મારફત એક સાથે બોલાવી સહુને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. નોકરી મેળવનાર વિદ્યાર્થીઓના વાલીઓ પણ સાથે આવેલ.

કાર્યક્રમમાં માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી આનંદભાઈ શાહ, શ્રી રાજુભાઈ હકાણી, આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે, શ્રી મિતાબેન ઓઝા, શિક્ષકો, વાલીઓ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

આચાર્ય શ્રી શૈલેષભાઈએ વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ કારકીર્દિ બને તે માટે વાલીઓ શાળા સાથે જોડાઈને શાળાને સહકાર આપવા જણાવેલ. તેમજ શાળાના ટ્રસ્ટ દ્વારા પણ વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે ખૂબ પ્રયત્નો કરવામાં આવે છે, જેને વાલીઓએ સહયોગ આપવો ખૂબ અનિવાર્ય છે તેમ જણાવેલ.

શ્રી આનંદભાઈએ જણાવ્યું હતું કે, ''આ એક સહિયારા પ્રયત્ન જેવું કાર્ય છે. શિક્ષકો, પ્રિન્સિપાલ, ટ્રસ્ટીઓ, વિદ્યાર્થીઓની પ્રગતિ માટે ખૂબ મહેનત કરે છે તો વાલીઓએ પણ સહયોગ કરવો ખૂબ જરૂરી છે.''

શ્રી અશ્વિનભાઈએ જણાવેલ કે, ''આ વિદ્યાર્થીઓએ જીવન સાર્થક કરી બતાવ્યું છે અને ધો. ૧૦ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓ માટે સવારે તેમજ રાત્રે પણ વર્ગો શરૂ કર્યા છે. જે નિઃશૂલ્ક સેવા છે. અમારા આવા પ્રયત્નોમાં આ ૨૨ વિદ્યાર્થીઓના વાલીઓ દ્વારા સહયોગ ખૂબ જ જરૂરી છે.''

નોકરી મેળવનાર વિદ્યાર્થીઓના વાલીઓએ શાળા પરિવારનો ખૂબ ખૂબ આભાર માનેલ. વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવમાં 'શાળાના પ્રયત્નોથી અમે જોબ મેળવેલ છે', તેમ જણાવ્યું હતું. તેમજ ધો. ૧૦ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓને મહેનત કરવા જણાવ્યું હતું. આ વિદ્યાર્થીઓ સરકારી નોકરી પ્રાપ્ત કરે તે માટે વ્યકિતગત રસ દાખવીને વિશેષ સમજ આપી મદદ કરનાર શિક્ષકો શ્રી યોગેશભાઈ એસ. ગોસ્વામી તથા શ્રી વિરેન્દ્રસિંહ બી. ગોહિલને ''વિશિષ્ટ સેવા સન્માન એવોર્ડ'' આપવામાં આવેલ.

સર્વનું સ્વાગત શ્રી ધ્રુવિબેને કરેલ. સંકલન શ્રી વિશ્વાબેન દ્વારા તેમજ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સાઈન લેંગ્વેજ દ્વારા સમજ શ્રી વિરેન્દ્રભાઈ તેમજ શ્રી જયોતિબેન બારૈયા દ્વારા આપવામાં આવી હતી.

**વિજ્ઞાનનગરીની મુલાકાત :**



**વિજ્ઞાન સપ્તાહ** નિમિત્તે તા. ૨૬-૨ ના રોજ શાળાના ધો. ૯ અને ધો. ૧૧ ના કુલ ૭૮ વિદ્યાર્થીઓ અને ૬ શિક્ષકો વિજ્ઞાનનગરીની મુલાકાતે ગયા હતાં. આ કાર્યક્રમનું આયોજન સંસ્થાના સહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ તથા શ્રી ચેતનાબેન કોઠારીના માર્ગદર્શનથી કરવામાં આવેલ.

વિજ્ઞાનનગરીમાં ઈન્વેશન હબમાં બાળ વૈજ્ઞાનિકોએ તૈયાર કરેલ પ્રોજેક્ટ્સના નમૂના જેમ કે વેક્યુમ કલીનર, પરીક્ષાની બધી સામગ્રી રાખી શકાય તેવું રાઈટિંગ પેડ, ઉપરાંત થ્રીડી પ્રિન્ટર જોયું. વિજ્ઞાન શિક્ષકના માર્ગદર્શનથી વિદ્યાર્થીઓએ તૈયાર કરેલ રોજિંદા કાર્યમાં ઉપયોગી ટૂલ્સ જોયા. સૌર મંડળ ભવનમાં પૃથ્વી તથા અન્ય ગ્રહો પર દરેક વ્યકિતનું વજન જુદુ-જુદુ હોય છે, તે પોતે માપીને જોયું હતું. આ નવી માહિતી સૌને માટે આશ્ચર્યજનક હતી. ત્યાં મીની ચક્રવાતનું મોડેલ હતું. જે દ્વારા ચક્રવાતનો ઉદ્દભવ અને કારણ વિશે જાણી શકાય.

ઓડિટોરિયમમાં સહુએ ૩ડી કાર્ટુન ફિલ્મ જોવાનો આનંદ માણ્યો. રસાયણ વિજ્ઞાનની લેબોરેટરીમાં પોટેશિયમ આયો સાયનેટ અને આર્યન કલોરાઈડની મદદથી બનતું **આર્ટિફિશિયલ બ્લડ** બાળકોને માટે રસપ્રદ જાણકારી બની રહ્યું. વિજ્ઞાન શિક્ષકોએ વિગતવાર આ માહિતી સમજાવી હતી.

જીવવિજ્ઞાન લેબોરેટરીમાં માનવ શરીરના ડમી મોડેલમાં વિવિધ અંગોની જાતે ગોઠવણી કરી હતી. ઝાડના આડા છેદમાં આવેલી રીંગના આધારે તેમની ઉંમર જાણી શકાય તે સમજયા. વિવિધ વનસ્પતિના ફળ, પાન, ડાળીમાંથી રોજિંદા વપરાશની વસ્તુઓ બને છે તેનો વિડીયો જોયો. ચાર્ટમાં જળચર, ભૂચર અને ઉભય જીવી પ્રાણીઓનું વર્ગીકરણ કરવાની કવીઝ રમ્યા હતાં.

ગણિત પ્રયોગ શાળામાં કોયડા ઉકેલની રમતો રમ્યા. દરેક વિભાગમાં ત્યાંના શિક્ષકોએ જહેમતપૂર્વક ઊંડી માહિતી આપી હતી. રોબોટ ગેલેરીમાં રોબોટ સાથે ગેઈમ રમવા ઉપરાંત રોબોટના જુદા-જુદા હાવ ભાવ જોઈને બાળકોને ગમ્મત થઈ હતી. શ્રી વિશ્વાબેન ભટ્ટ અને શ્રી ધ્રુવિબેન ચાવડાએ સમગ્ર મુલાકાત દરમ્યાન સાઈન લેંગ્વેજ દ્વારા માહિતી ઈન્ટરપ્રીટ કરી હતી. આ મુલાકાતના અંતે વિદ્યાર્થીઓને ઘણી બધી જાણકારી મળી હતી, તેમજ જીજ્ઞાસાવૃત્તિ સંતોષાય હતી.

**ધો. ૧૦ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓને શુભેચ્છા તથા વિદાય કાર્યક્રમ :**



શાળામાં ધો. ૧૦ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપવાની તૈયારીઓ કરી રહ્યાં છે. સમધારણ વિદ્યાર્થીઓ માટે પણ આ પરીક્ષા કઠીન રહે છે જયારે શ્રવણમંદ વિદ્યાર્થીઓ માટે તો આ પડકારરૂપ કાર્ય છે. આ વિદ્યાર્થીઓ સારા ટકા માર્કસથી પાસ થાય તેવી શુભેચ્છા સાથે, વિદાય કાર્યક્રમ શાળાના ઓડિટોરિયમમાં તા. ૧-૩ ના રોજ યોજવામાં આવ્યો હતો.

શાળાના સહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ, ભૂતપૂર્વ શિક્ષકો શ્રી દક્ષાબેન, શ્રી લીલાબેન, પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયા, શ્રી જયોતિબેન ભટ્ટી, શાળાના દરેક શિક્ષકો તેમજ નર્સરીથી ધો. ૧૨ સુધીના તમામ બાળકોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયેલ. પ્રાર્થના બાદ, સ્વાગત પ્રવચન શ્રી જયોતિબેન ભટ્ટી દ્વારા કરવામાં આવ્યું. પ્રાસંગિક ઉદ્દબોધન શ્રી ધ્રુવિબેન, શ્રી હિતેષભાઈ, શ્રી વર્ષાબેન દ્વારા કરવામાં આવ્યું.

શ્રી દક્ષાબેન, શ્રી લીલાબેન, શ્રી ચંદ્રિકાબેન, શ્રી ફાલ્ગુનીબેન, શ્રી પ્રિતીબેન દરેકે વિદ્યાર્થીઓના બાળપણના સંસ્મરણો, ખાસિયતો યાદ કરી, દરેકનું અલગ વ્યકિતત્વ સમજી, કેળવણી સાથે શિક્ષણ આપેલ, તે યાદ કરી દરેકને શુભેચ્છાઓ પાઠવેલ. શ્રી ચંદ્રિકાબેને શ્રી હર્ષાબેન આશરાને યાદ કરી, તેઓની વિશેષ કાળજીપૂર્વક વ્યકિતત્વ વિકાસ કરવાની આવડતના વખાણ કર્યા હતાં. શ્રી ગજાનનભાઈએ કાવ્યાત્મક રીતે પરીક્ષા તો આવે ને જાય, પણ વિશ્વાસપૂર્વક આગળ વધે તે પ્રગતિ કરે, તેમ જણાવી સહૂમાં વિશ્વાસ દઢ કરાવ્યો.

શ્રી અમિતભાઈએ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવેલ સાથે ગ્રેજયુએશન સુધી અભ્યાસ પૂર્ણ કરી, જોબ મેળવવા જણાવેલ. તેમજ કોઈપણ કાર્ય નાનું ન જાણીને કરતા રહો, તો પ્રગતિ કરી શકશો.

આ સાથે સંસ્થા દ્વારા ધો. ૧૦ ના વિદ્યાર્થીઓને પેડ, વોટર બોટલ, પેન, પાઉચ, ફોલ્ડર તથા ચોકલેટ, તેમજ ધો. ૧૨ ના વિદ્યાર્થીઓને ફોલ્ડર ફાઈલ, પેન, પાઉચ તથા ચોકલેટ આપવામાં આવેલ. અંતમાં આભારવિધિ શ્રી વિશ્વાબેન ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી.

**પદ્મનાભ મફતલાલ ગ્રુપ દ્વારા શ્રવણમંદ દિકરીઓને જ્ઞાનપ્રભા શિષ્યવૃત્તિ :**



પદમનાભ મફતલાલ ગ્રુપ દ્વારા તા. ૪-૩ ના રોજ **જ્ઞાનપ્રભા શિષ્યવૃત્તિ** શાળાની ધો. ૧૦ થી ૧૨ ની ૩૦ શ્રવણમંદ દીકરીઓને આપવામાં આવી હતી. જેમાં દરેકને રૂા. ૧૮,૦૦૦/- એમ કુલ રૂા. ૫,૪૦,૦૦૦/- ની શિષ્યવૃત્તિ અંધજન મંડળ, વસ્ત્રાપુર, સહયોગથી અમદાવાદ ખાતે આપવામાં આવેલ.

અંધજન મંડળના એકિઝકયુટિવ ડાયરેકટર શ્રી નંદિનીબેન રાવળે ગુજરાતમાંથી અલગ-અલગ દિવ્યાંગતા ધરાવતી દિકરીઓ છે જે અભ્યાસના ખૂબ જ હોશિયાર હોય અને ઉચ્ચ અભ્યાસ કરી પોતાના ઉજ્જવળ કારકીર્દિ બનાવવા ઈચ્છતી હોય, તેવી ૧૦૦ દિકરીઓને એક જ મંચ પર એકત્ર કરીને સુંદર કાર્યક્રમ કરેલ.આ મુશ્કેલ કાર્ય કરવામાં શ્રી કિન્નરીબેન કે જેઓ પોતે પણ દિવ્યાંગ છે તેમણે ખૂબજ જહેમત ઉઠાવી હતી.

આ કાર્યક્રમના મુખ્ય મહેમાન, મફતલાલ ફાઉન્ડેશનના પ્રેસિડન્ટ શ્રી નીરજભાઈ માકડ તથા વાઈસ પ્રેસિડન્ટ શ્રી સુરેશભાઈ નાયકે ખાત્રી આપી. હતી કે, ''જયારે જયારે દીકરીઓને અભ્યાસમાં આર્થિક મદદની જરૂર પડશે ત્યારે અમે હંમેશા તેની સાથે ઉભા રહેશું. દિવ્યાંગ દીકરીઓ માટે અમારું અક્ષયપાત્ર કયારેય ખાલી નહીં થાય.'' આ કાર્યક્રમ દરમ્યાન અંધજન મંડળના ટ્રસ્ટી શ્રી ઉષાબેન તથા શ્રી સુનિતાબેન પણ હાજર રહ્યાં હતાં.

સંસ્થાના જનરલ સેક્રેટરી શ્રી ભૂષણભાઈ પૂનાની સાહેબે દિવ્યાંગ મહિલાઓની સફળતા વિશે વકતવ્ય આપ્યું હતું તથા આશીર્વચન પાઠવ્યાં હતાં. BPA ના પ્રેસિડેન્ટ શ્રી રાજુભાઈએ દીકરીઓને પ્રોત્સાહક વકતવ્ય આપ્યું હતું.

IIM કોલેજ, અમદાવાદના પ્રોફેસર શ્રી નિહારીકાબેન વોહરાએ લીડરશીપના ગુણો વિશે વકતવ્ય આપ્યું હતું. શ્રી કિન્નરીબેને દિવ્યાંગ બહેનોને પ્રોત્સાહન કરે તેવું પ્રેરણાદાયી વકતવ્ય આપ્યું હતું.

આપણી શાળાની શ્રવણમંદ દીકરીઓએ કારકીર્દિ વિષયક ચર્ચામાં ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન શ્રી વિરેન્દ્રસિંહ ગોહિલ તથા શ્રી જયોતિબેન બારૈયાએ સાઈન લેંગ્વેજ દ્વારા સમજ આપી હતી.

સંસ્થા દ્વારા પદમનાભ મફતલાલ ગ્રુપના આ કાર્યને ખૂબ-ખૂબ બીરદાવવામાં આવેલ. શાળાની દિકરીઓને લઈને શાળાના શિક્ષકો શ્રી વિરેન્દ્રસિંહ ગોહિલ, શ્રી અમીબેન ભટ્ટ, શ્રી હિતેષભાઈ વ્યાસ અને શ્રી જયોતિબેન બારૈયા અમદાવાદ ખાતે ગયા હતાં.

સંસ્થા દ્વારા અમદાવાદ જવા-આવવા માટે બે ટેમ્પો-ટ્રાવેલ્સની વ્યવસ્થા કરવામાં આવી હતી.

**નશામુકત ભારત અભિયાન અંતર્ગત જન જાગૃતિ રેલી :**

પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ અને તેમના કર્મવીરોની સાથે **નશામુકત ભારત અભિયાન** અંતર્ગત એક વિશાળ જન જાગૃતિ રેલીનું આયોજન તા. ૭-૩ ના રોજ કરવામાં આવ્યું હતું. નશામુકત રહેવા તેમજ નશો કરવાથી આપણને અને આપણા પરિવારને કેવી મુશ્કેલી પડે છે ? તેના વિશેના વિવિધ સ્લોગન અને બેનરો સાથે ચિતરંજન ચોક, ગાંધી કોલોની થઈ રેલી શાળાએ પરત ફરી હતી. તેમજ શ્રવણમંદ વિદ્યાર્થીઓએ પોતાની તૂટક-તૂટક ભાષામાં સુત્રોચ્ચાર કરીને, ''નશામુકત રહીશું અને સૌને નશામુકત રાખીશું'' નો નાદ રેલાવ્યો હતો. તેમજ રસ્તામાં રેલી દરમિયાન મળતા લોકોને પોતાની પાસે રહેલા સ્લોગન તેમજ બેનરથી નશો કરવાથી નુકશાન થાય છે તે વાત ઈશારાની ભાષાથી તેમના સુધી પહોંચાડી હતી.

નશામુકત ભારત અભિયાન અંતર્ગત યોજાયેલી રેલીમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી ભગીરથસિંહ ચુડાસમા, પ્રોબેશન ઓફિસર શ્રી પ્રદિપસિંહ ગોહિલ, બાળ સુરક્ષા અધિકારી શ્રી નવઘણભાઈ તેમજ તેમનો કચેરી સ્ટાફ તથા સંસ્થાના ઓ.એસ. શ્રી સૂર્યકાંતભાઈ ચાવડા, પ્રાથમિક શાળાના આચાર્ય ડૉ. ધવલભાઈ તેમજ માધ્યમિક શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈ અને શાળાના સૌ કર્મવીરો જોડાયા હતાં.

**મુલાકાત :** તા. ૨૮-૨ ના રોજ સમાજ સુરક્ષા ખાતા તરફથી ભાવનગર જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી ભગીરથસિંહ ચુડાસમા તથા ચીફ પ્રોફેશન ઓફિસર શ્રી એમ.આર. જાંબુચા સાહેબ સંસ્થાના નિરીક્ષણાર્થે પધાર્યા હતાં.

## સુમિટોમો કેમિકલ ઈન્ડિયા લિમીટેડ તરફથી શ્રવણયંત્ર વિતરણ

શાળામાં સુમિટોમો કેમિકલ ઈન્ડિયા લિમીટેડ તરફથી સી.એસ.આર. અંતર્ગત શાળાના શ્રવણમંદ વિદ્યાર્થીઓને **શ્રવણયંત્ર વિતરણ કાર્યક્રમ** યોજવામાં આવેલ. જેમાં ૩૩ શ્રવણમંદ વિદ્યાર્થીઓને શ્રવણખાદ્યની તપાસ કરવામાં આવી હતી અને બહેરાશ અનુરૂપ બિહાઈન્ડ ધી ઈયર શ્રવણયંત્ર વિનામૂલ્યે આપવામાં આવ્યાં હતાં. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે સુમિટોમો કેમિકલ ઈન્ડિયા લિ. ના ડેપ્યુટી જનરલ મેનેજર (એચ.આર. એન્ડ જનરલ અફેર્સ) શ્રી સતીશભાઈ મહેતા તથા સી.એસ.આર. પ્રતિનિધિ શ્રી વનરાજસિંહ ચાવડા, ખજાનચી શ્રી જીતુભાઈ શાહ, શ્રી આનંદભાઈ શાહ, પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલ શ્રી ધવલભાઈ વ્યાસ ઉપસ્થિત રહેલ હતાં.



દાતા-મહેમાનોના વરદ હસ્તે ૩૩ વિદ્યાર્થીઓને રૂા. ૪.૬૦ લાખની કિંમતના બિહાઈન્ડ ધી ઈયર હિયરીંગ એઈડ વિતરણ કરવામાં આવેલ. જેથી વિદ્યાર્થીઓમાં અનેરો આનંદ છવાયેલો જોવા મળ્યો હતો. કાર્યક્રમની ઉદ્ઘોષણા ઓફિસ સુપ્રિ. શ્રી સૂર્યકાંતભાઈ ચાવડાએ કરેલ. મહેમાનોનું શાબ્દિક સ્વાગત ખજાનચી શ્રી જીતુભાઈ શાહ દ્વારા અને બધિર બાળકો દ્વારા નિર્મિત હેન્ડિક્રાફટથી કરવામાં આવેલ હતું. સંસ્થાના માનદ મંત્રીશ્રી તથા દાતાશ્રીએ પ્રાસંગિક ઉદ્બોધન કરેલ અને આભારવિધિ પ્રાથમિક શાળાના આચાર્યશ્રી દ્વારા કરવામાં આવેલ.

## ૭૨ લાભાર્થીઓને નિઃશૂલ્ક શ્રવણયંત્ર વિતરણ કરાયા



દાતાશ્રી અલંગ ઓટો એન્ડ જનરલ એન્જીનીયરિંગ પ્રા.લિ. તરફથી આર્થિક નબળા વર્ગના શ્રવણમંદ દર્દીઓને શ્રવણયંત્ર વિતરણ માટે તા. ૯-૨ ના રોજ સૌ પ્રથમ આર્થિક નબળા દર્દીઓ માટે શ્રવણ નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ૯૨ લાભાર્થીઓની તપાસ કરવામાં આવી હતી. જેમાંથી ૭૨ લાભાર્થીઓને આવક અને શ્રવણખાદ્ય અનુસાર વિનામૂલ્યે શ્રવણયંત્ર આપવાના પસંદગી થવા પામેલ હતી.

તા. ૨૯-૨ ના રોજ યોજાયેલ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે દાતા પરિવારના શ્રી ઉદયભાઈ, શ્રી અવિકાબેન, તેમજ સંસ્થાના માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા અને શ્રી જીતુભાઈ શાહ ઉપસ્થિત રહેલ હતાં. તેઓના વરદ હસ્તે ૭૨ વિદ્યાર્થીઓને રૂપિયા પાંચ લાખની કિંમતના બિહાઈન્ડ ધી ઈયર હિયરીંગ એઈડ વિતરણ કરવામાં આવેલ. જેથી લાભાર્થીઓના મુખારવિંદ ઉપર અનેરા સંતોષ અને અનેરો આનંદ છવાયેલો જોવા મળ્યો હતો. કાર્યક્રમની ઉદ્ઘોષણા ઓફિસ સુપ્રિ. શ્રી સૂર્યકાંતભાઈ ચાવડાએ કરેલ. મહેમાનોનું સ્વાગત બધિર બાળકો દ્વારા નિર્મિત હેન્ડિક્રાફટથી કરવામાં આવેલ હતું. સંસ્થાના માનદ મંત્રીશ્રી તથા દાતાશ્રીએ પ્રાસંગિક ઉદ્બોધન કરેલ અને આભારવિધિ ખજાનચીશ્રીએ કરેલ.

## દેશની સર્વોચ્ચ અદાલતનો વેધક સવાલ

### દિવ્યાંગ બાળકો જ્યારે ૧૮ વર્ષના થાય ત્યારે તેમનુ રક્ષણ કોણ કરે છે ?


એક જાહેર હિતની અરજી જયારે દેશની સર્વોચ્ચ અદાલતની મુખ્ય ન્યાયાધીશ શ્રી ડી.વાય. ચંદ્રચુડ, ન્યાયાધીશ શ્રી જે.બી. પારડીવાલા અને ન્યાયાધીશ શ્રી મનોજ મિશ્રાની બેચ સમક્ષ આવી ત્યારે સરકારને પૂછવામાં આવ્યું કે ૧૮ વર્ષના દિવ્યાંગો જયારે સરકારી હોમ કે સ્કૂલમાંથી જે-જે એકટ મુજબ રજા અપાય પછી, કોના સંરક્ષણમાં આ દિવ્યાંગો રહે છે ? ૨૦૧૫ના પ્રોટેક્શન ઓફ ચીલ્ડ્રન મુજબના સંરક્ષણ સામે શાસન તંત્ર ચૂપ કેમ છે ?

આ તબક્કે એ પણ જાણવા મળ્યું કે મુખ્ય ન્યાયાધીશ પોતે બે દિવ્યાંગોને દતક લીધેલ હોય સવાલ વધુ જોર પકડે છે. હાલ નેશનલ ટ્રસ્ટ, ન્યૂ દિલ્હીએ માનસિક રીતે દિવ્યાંગ માટે, ડિસ્ટ્રકટ લેવલે કલેકટરના અધ્યક્ષ પદે કમિટી બનાવી છે જે માનસિક દિવ્યાંગના માતા-પિતાની હૈયાતી ન હોય ત્યારે તેમને કાયદાકીય સેવા આપે છે.

**(સૌ. ગુજરાત સમાચાર) સંવાહક : પીયૂષ પારાશર્ય**



# શ્રીમતી પ્રભાકુંવરબહેન રતિલાલ વાઘર
# કૃત્રિમ સાધન સહાય વર્કશોપ



અશ્વિન પંડ્યા (ચેરમેન)

શ્રીમતી પી.આર. વાઘર કૃત્રિમ સાધન સહાય કેન્દ્ર, ભાવનગર ખાતે તા. ૭-૩ ના રોજ **શ્રી અલંગ ઓટો એન્ડ જનરલ એન્જિનિયરીગ કું. પ્રાઈવેટ લિ.** દ્વારા કુલ ૩૩ દિવ્યાંગ વ્યકિતને પસંદ કરીને કુલ ૩૭ કૃત્રિમ સાધનો પૂરા પાડવામાં આવેલ હતાં. જેના લાભાર્થીઓનો કૃત્રિમ સાધન-સહાય કેન્દ્રમાં કેમ્પ યોજવામાં આવેલ હતો. જેમાં આખા પગ-૬, અડધા પગ-૧૮, આખા હાથ-૨ અને કેલીપર્સ-૮ અન્ય સાધન-૩ એમ કુલ ૩૭ સાધનો દાતાશ્રી તરફથી પૂરા પાડવામાં આવેલ છે.

જેના લાભાર્થીઓ ભાવનગર, સુરત, મહુવા, વીરપુર, જામનગર, સારવકુંડલા, ઘોઘા, તળાજા તથા ગઢડાથી આવેલ હતાં. જેમાં દિવ્યાંગોને સાધનો પહેરાવી પ્રથમ વખત જ ચલાવવામાં આવેલ હતાં. અને દરેક લાભાર્થીઓએ મળેલા સાધનો માટે ખૂબજ આભારની લાગણી વ્યકત કરી હતી.

૧. લાભાર્થીઓ પૈકી શ્રી કાળુભાઈ પટવાસિયા, જેઓ ભાવનગરના અવાણીયા ગામથી આવે છે. જેઓની ઉંમર ૪૫ વર્ષની છે. તેઓ ભાગમાં ખેતીકામ કરી પોતાનું ગુજરાન ચલાવતા હતાં. જેઓને ડાયાબિટીસને લીધે જમણો પગ ઘુંટણથી ઉપરના ભાગે કપાવવો પડેલ હતો. આજરોજ તેઓને કૃત્રિમ પગ ફીટ કરી આપેલ છે. અને તેઓ આ પગ વડે વ્યવસ્થિત ચાલી શકે છે અને હવેથી પોતાનું કાર્ય કરી શકશે. તેઓએ ખૂબ જ આભારની લાગણી વ્યકત કરેલ હતી.

૨. બીજા લાભાર્થી શ્રી જગદીશભાઈ લાખાભાઈ પરમાર, વિરપુરના રહેવાસી છે. જેમની ઉંમર ફકત ૨૩ વર્ષની જ છે. જેઓને ઓઈલ મીલના મશીનમાં હાથ આવી જવાથી, ૨૦૨૨ માં જમણો હાથ કોણી ઉપરથી કપાવવો પડેલ હતો. આજરોજ તેમને કૃત્રિમ હાથ ફીટ કરી આપેલ છે. આ કૃત્રિમ હાથથી તેઓ રોજિંદા કામ કરી શકશે. ઉપરાંત તેઓ હાલ સામાન્ય દેખરેખનું કામ તથા ચોકીદારી વિગેરે સામાન્ય કામો કરી શકશે અને પોતાનું જીવન નિર્વાહ ચલાવી શકશે.

### માહે ફેબ્રુઆરી-૨૦૨૪ની કામગીરીની વિગત

- ફેબ્રુઆરી માસમાં સ્થાનિક કક્ષાએ કુલ ૧૨૧ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ, જેમાં લાભાર્થીઓને આશરે ૧૫૬ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, અડધા પગ-૪, ઓર્થોશૂઝ-૨,ની-બ્રેસ-૬૫, હેન્ડ સ્પિલન્ટ-૨, સ્પાઈનલ ઓર્થોસિસ-૪, અન્ય-૫૨, કેલિપર્સ-૪, એ.એફ.ઓ.-૧૩, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૧૦ એમ કુલ ૧૫૬ સાધનો પૂરાં પાડવામાં આવ્યાં હતાં.
- ફેબ્રુઆરીમાં સંસ્થામાં ગત માસે કૃત્રિમ હાથ પગના-૩ કેમ્પ યોજાયેલ. જેમાં સુરેન્દ્રનગર જેમાં ૪૯ લાભાર્થીઓને ૫૧ સાધનો પૂરા પાડેલ અને એક કેમ્પ જામનગર મુકામે યોજાયેલ. જેમાં ૪૭ લાભાર્થીઓને ૫૦ સાધનો પૂરા પાડેલ હતાં. એક કેમ્પ સંગમનેર જિ. અહમદનગર (મહારાષ્ટ્ર) મુકામે યોજાયેલ. જેમાં ૪૭ લાભાર્થીઓને ૭૪ સાધનો પૂરા પાડેલ. ની-બ્રેસ કેમ્પ મુંબઈ, બેંગલોર, શીમોગા, શીરસી, પૂના મુકામે યોજાયેલ. જેમાં ૧૭૧ ની-બ્રેસ પૂરા પાડવામાં આવેલ હતાં.

## ૭૫ ટકા સેરેબ્રલ પાલસીથી પીડિત છતાં ૧૦૦ શૈક્ષણિક પઝલ ઉકેલી
### વડોદરાની બાળકીને લંડન બૂક ઓફ રેકોર્ડસમાં સ્થાન

૧૨ વર્ષની હેત્વી કાંતિભાઈ ખીમસુરીયા, ફતેપુરાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સ્વામી વિવેકાનંદ પ્રાથમિક સ્કૂલમાં ધો. ૮ માં અભ્યાસ કરે છે. સેરેબ્રલ પાલ્સી જેવા ગંભીર રોગથી પીડિત હોવા છતાં, તે છ વર્ષની હતી ત્યારથી હાથમાં પેન્સિલ અને પેન પકડતા શીખી હતી. તેના માતા-પિતા પણ શિક્ષક હોવાથી તેમણે પણ હકારાત્મક વિચારસરણી રાખીને તેને પ્રોત્સાહન આપ્યુ હતું. હેત્વી ડ્રોઈંગ કરે છે અને પઝલ પણ ઉકેલે છે. તેના વિડિયો પણ યુ ટયુબ પર ઉપલબ્ધ છે. તે ગુજરાતી સ્વર વ્યંજન, આકાર, રંગો, શરીરના મુખ્ય અંગોના નામ પણ બોલી શકે છે. ગુજરાતની ૨૫ થી ૩૦ સ્કૂલોમાં તેના વિડિયો બાળકોને દર્શાવાઈ રહ્યાં છે. તેને ઈન્ડિયા બૂક ઓફ રેકોર્ડસ અને ગુજરાત બૂક ઓફ રેકોર્ડસમાં પણ સ્થાન મળી ચૂકયું છે. તેણે હવે ૧૦૦ શૈક્ષણિક પઝલ ઉકેલવાનો નવો રેકોર્ડ સર્જયો છે અને આ બદલ તેને ગુજરાતના રાજયપાલના હસ્તે સન્માનિત કરવામાં આવી છે.

**(સૌ. ગુજરાત સમાચાર)સંવાહક : પીયૂષ પારાશર્ય**



# શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટયૂટ ફોર ધ ડેફ - ટ્રસ્ટ સંચાલિત
# શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ
# (હીયરિંગ ઈમ્પાયર્ડ)

ડૉ. ધવલ વ્યાસ



**વસંત પંચમીની ઉજવણી :**

તા. ૧૪-૨ ના રોજ **વસંત પંચમી** નિમિત્તે સરસ્વતી પૂજનની ઉજવણી કોલેજના તાલીમાર્થીઓ અને સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી. આ દિન નિમિત્તે કોલેજના તાલીમાર્થીઓ અને પ્રધ્યાપકગણ દ્વારા એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત સરસ્વતીની પ્રાર્થનાથી થઈ. કાર્યક્રમનું સંચાલન બી.એડ. સેમ.-૪ ની તાલીમાર્થીઓ શિવાની કુમારી અને હરપ્રિત કૌર દ્વારા કરવામાં આવ્યું હતું. બી.એડ. સેમ.-૨ ના તાલીમાર્થી ભેડા રીંકલ અને ડી.એડ. સેમ.-૨ ના તાલીમાર્થી વિક્રમદાને કાર્યક્રમને અનુરૂપ વ્યાખ્યાન આપ્યાં હતાં. ત્યારબાદ પ્રાધ્યપકશ્રીઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતાં. જેમાં શ્રી દયાબેને સરસ્વતી શ્લોક અને જીવનમાં તેના મહત્વ વિશેની વાત કરી હતી. ત્યારબાદ શ્રી નિકુંજભાઈએ સરસ્વતીને લગતી ધૂન ''હા...રે...દેવી... સરસ્વતી''ની કડીઓ ગાઈને પોતાના મંતવ્યો રજૂ કર્યા હતાં. આ તહેવારની ઉજવણીને તસ્વીરમાં કંડારવાનું કામ ડી.એમ. સેમ.-૩ ના તાલીમાર્થીઓ યાદવ સૂરજ અને વિનોદ મીના દ્વારા કરવામાં આવ્યું હતું. અંતમાં શ્રી જિગરભાઈએ તાલીમાર્થીઓને વસંત પંચમીની શુભેચ્છાઓ પાઠવી અને કાર્યક્રમની આભારવિધિ કરી હતી.

**આંતરરાષ્ટ્રિય માતૃભાષા દિવસની ઉજવણી :**

તા. ૨૧-૨ ના રોજ **આંતરરાષ્ટ્રિય માતૃભાષા દિન** નિમિત્તે કોલેજના તાલીમાર્થીઓ અને પ્રાધ્યાપકગણ સાથે મળીને કાર્યક્રમની ઉજવણી કરી હતી. આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય વિવિધ પ્રાંતમાંથી આ કોલેજમાં અભ્યાસ કરનારા તાલીમાર્થીઓની માતૃભાષાનો પરિચય મેળવવાનો અને તેનું મહત્વ સમજવાનો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કોલેજના ચેરમેન શ્રી જીતુભાઈ શાહ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન ડી.એડ.સેમ.-૧ ના તાલીમાર્થીઓ ભોમદાન અને ભવાનીદાને કર્યું હતું. તાલીમાર્થીઓ દ્વારા માતૃભાષા દિનની ઉજવણી કરતા વિવિધ વ્યાખ્યાનો, ગીત અને અન્ય કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. જેમાં ડી.એડ. સેમ.-૧ ના તાલીમાર્થી પૂજા કુમારીએ પોતાની માતૃભાષા (મારવાડી) માં વ્યાખ્યાન આપ્યું. ત્યારબાદ બી.એડ. સેમ.-૨ નો તાલીમાર્થી ઉગમદાન જે રાજસ્થાનની મારવાડી ભાષાને માતૃભાષાનો દરજ્જો મળે તે હેતુથી પોતાની માતૃભાષામાં વ્યાખ્યાન આપ્યું હતું. ત્યારબાદ બી.એડ. સેમ.૪ની તાલીમાર્થી હરપ્રિત કૌરે પોતાની પંજાબી બોલી અને પંજાબી ભાષાથી સૌને મંત્રમુગ્ધ કર્યા હતાં. ત્યારબાદ પ્રાધ્યાપકો પૈકીના શ્રી દયાબેન વંકાણીએ ગુજરાતી ભાષામાં કાવ્ય પઠન કર્યું હતું. ડૉ. જીગરભાઈ શાહે ગુજરાતી ભાષાનું મહત્વ અને પોતાની સ્વરચિત કાવ્યનું પઠન કર્યું હતું. શ્રી નિકુંજભાઈ સોલંકીએ શાયર મરીઝની લખેલી ગઝલ ''જીવન ભરના તોફાન ખાળી રહ્યો છું'' નું પઠન કર્યું હતું. શ્રી મયંકભાઈ પરમારે માતૃભાષા દિવસની ઉજવણીનું મહત્વ અને તેને લગતી બાબતોથી સૌ તાલીમાર્થીઓને અવગત કરાવ્યાં હતાં. ત્યારબાદ કાર્યક્રમમાં ઉપસ્થિત મુખ્ય મહેમાન શ્રી જીતુભાઈએ પણ કાર્યક્રમને અનુરૂપ ગુજરાતી ભાષામાં બે મીઠા બોલ બોલ્યા અને સૌ તાલીમાર્થીઓને આશીર્વચન પાઠવ્યાં હતાં. કાર્યક્રમની આભારવિધિ શ્રી મયંકભાઈ પરમારે કરી હતી. કાર્યક્રમની ઉજવણીને વધુ યાદગાર બનાવવા માટે તેને તસ્વીરોમાં સાચવવાનું કામ ડી.એડ. સેમ.-૩ નો તાલીમાર્થી સૂરજ યાદવે કર્યું હતું.

**આંતરરાષ્ટ્રિય મહિલા દિવસની ઉજવણી :**

તા. ૯-૩ ના રોજ **આંતરરાષ્ટ્રિય મહિલા દિવસ** નિમિત્તે સંસ્થાના મહાવીર ઓડિટોરિયમમાં એક **વકતૃત્વ સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધા શરૂ થતા પહેલા કોલેજના એસોસિએટ પ્રોફેસર અને HOD શ્રી ડૉ. ધવલભાઈ વ્યાસે સ્પર્ધાના નિયમો અને મૂલ્યાંકન પધ્ધતિથી સ્પર્ધકોને અવગત કરાવ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન ડી.એડ. સેમ.-૧ ના તાલીમાર્થીઓ ભવાનીદાન અને ભોમદાન દ્વારા કરવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રિય મહિલા દિવસ નિમિત્તે આયોજિત આ વકતૃત્વ સ્પર્ધામાં ડી.એડ. સેમ.-૧ ના તાલીમાર્થી અને બી.એડ. સેમ.-૪ની તાલીમાર્થી ભાનુપ્રિયા ચૌહાણે ''સ્ત્રી પુરુષ એક સમાન'' વિષય ઉપર તેમજ બી.એડ. સેમ.-૪ ની તાલીમાર્થી હરપ્રિત કૌરે અને બી.એડ. સેમ.-૧ ના તાલીમાર્થી મનીષ કુમારે ''વર્તમાન સમાજની સ્ત્રી'' વિષય ઉપર પોતાના મૌલિક વિચારોની અભિવ્યકિત કરી હતી. આ સ્પર્ધાનું મૂલ્યાંકન કરવા માટે નિર્ણાયક તરીકે કોલેજના ડૉ. ધવલભાઈ વ્યાસ, શ્રી દયાબેન વંકાણી અને શ્રી નિકુંજભાઈ સોલંકીએ સેવા બજાવી હતી. આ સ્પર્ધામાં મનીષ કુમારે પ્રથમ, હરપ્રિત કૌરે દ્વિતીય અને વિક્રમદાને તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ કાર્યક્રમને તસ્વીર સ્વરૂપે સાચવવાનું કાર્ય ડી.એડ. સેમ.-૩ ના તાલીમાર્થી યાદવ સૂરજ દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ શ્રી દયાબેને કરી હતી.

ભાવનગર નવજવાન સંઘ સંચાલિત

# શેઠ શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ

## શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિક્લિનિક



સૂર્યકાંત ચાવડા

### નિષ્ણાત ચેસ્ટ ફિઝીશ્યન ફ્રી નિદાન કેમ્પ યોજાયો.

તા. ૧૧ થી ૧૬ માર્ચ દરમ્યાન **નિષ્ણાત ચેસ્ટ ફિઝીશ્યન ફ્રી નિદાન** કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાંજે ૫ થી ૭ શરદી, ખાંસી, તાવ, અસ્થમા, ટીબી, બીપી, ડાયાબિટીસ તથા ફેફસા વિ.ના રોગો માટે વિનામૂલ્યે નિષ્ણાત ચેસ્ટ ફિઝીશ્યન ડૉકટરશ્રી દ્વારા તપાસ અને નિદાન કરી આપવામાં આવ્યું હતું. એકસ-રે, સોનોગ્રાફી, ઈ.સી.જી., લેબોરેટરી ટેસ્ટ રાહતદરે કરી આપવામાં આવી હતી. બહોળી સંખ્યામાં લોકોએ આવા રોગોની તપાસ અને સારવાર માટે નિષ્ણાત ડૉકટરની સેવાનો લાભ લીધો હતો.

### નિઃશુલ્ક સ્ત્રી રોગ તપાસ નિદાન કેમ્પ યોજાયા.

ભાવનગર ખાતે સ્ત્રી રોગ અને પ્રસુતિ નિષ્ણાત ડૉ. શ્રી યશશ્રી શાહના તા. ૧૧ થી ૧૬ માર્ચ દરમ્યાન **નિઃશૂલ્ક સ્ત્રી રોગની તપાસ નિદાન કેમ્પ**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ નિઃશુલ્ક કેમ્પમાં સગર્ભા બહેનોને ચેકઅપ, પ્રસુતિ વિગેરે રોગોના સચોટ નિદાન અને સારવાર કરી આપવામાં આવી હતી. બહોળી સંખ્યામાં બહેનોએ આવા રોગોની તપાસ અને સારવાર માટે નિષ્ણાત ડૉકટરની સેવાનો લાભ લીધો હતો.

### મોતિયાના વિનામૂલ્યે ઓપરેશન માટે નિઃશુલ્ક તપાસ નિદાન કેમ્પ યોજાયો.

ગુજરાત સરકારના અંધત્વ નિયંત્રણ પ્રોગ્રામ અંતર્ગત તા. ૯-૩ ના રોજ મોતિયાના નિઃશુલ્ક ઓપરેશન માટે તપાસ-નિદાન કેમ્પ યોજાયો. જેમાં આંખના નિષ્ણાત ડૉ. હર્ષાબેન મહેશ્વરી તથા ડૉ. નિશાબેન ચૌહાણે દર્દીઓને વિનામૂલ્યે તપાસી, નિદાન કરેલ અને જેઓને મોતિયો હોય, તેઓને વિનામૂલ્યે ઓપરેશન કરી આપવામાં આવેલ હતાં.

### ફેબ્રુઆરી `૨૪ દરમ્યાન, નીચે મુજબના દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.

| DEPARTMENT | No.Of Patients | DEPARTMENT | No.Of Patients |
|---|---|---|---|
| EYE DEPARTMENT | | CHEST PHYSICIAN | 8 |
| OPD | 243 | PHYSIOTHERAPY | 21 |
| Cataract Surgeries - Free | 18 | GENERAL OPD | 1146 |
| Cataract Surgeries - Paid | 4 | PSYCHIA TRIC | 189 |
| EYE Retina | 96 | PSYCHIATRIC (M.D.) | 430 |
| ENT DEPARTMENT | | ORTHOPEDIC DEPARTMENT | 35 |
| OPD | 380 | PEDIATRIC | 317 |
| OPERATION - PAID | 2 | SKIN DEPARTMENT | 1431 |
| MINOR PROCEDURE | 65 | X-RAY DEPARTMENT | 337 |
| DENTAL DEPARTMENT | | LABORATORY PATIENT | 1555 |
| OPD | 100 | LABORATORY TEST | 3399 |
| PROCEDURE | 115 | SONOGRAPHY | 25 |
| MATERNITY | | CAMP | 2 |
| OPD | 82 | PATIENT | 22 |
| DELIVERY | 1 | SHAMJI MAVJI RELIEF | 12 |
| OPERATION | 2 | | |

### સાઈન લેંગ્વેજની કમાલ અને હોસ્પિટલ સેવાની મશાલ

હૈદરાબાદની KIMS હોસ્પિટલમાં મેરી ભાગ્યમાં જે મેરી રાજકુમારની પત્ની છે તેણે ઓછા સમયે આવેલ રવીન (પુત્ર-પુત્રી) ને જન્મ આપ્યો. પુત્ર ગુજરી ગયેલ. પરંતુ પુત્રી જીવિત રહી. પુત્રીને ૭૬ દિવસની સારવાર આપીને દંપતિને સોંપેલ. પતિ-પત્ની બંને બહેરાં-મૂંગા હોયને તેમની સાથે હોસ્પિટલના ડૉકટર્સ અને નર્સિંગ સ્ટાફને સંવાદ કરીને પુત્રીને શું છે અને કઈ સારવાર અપાઈ રહી છે. આ માટે હોસ્પિટલના કર્મચારીઓએ ખંતથી સાઈન લેંગ્વેજ ધીરજથી શીખી અને સંવાદ કરીને દંપતિને સંતોષ આપેલ. આમ સાઈન લેંગ્વેજ અને હોસ્પિટલ સ્ટાફ બંને પ્રશંસા પાત્ર બનીને સરસ ઉદાહરણ આપેલ છે. **(સૌ. ગુજરાત સમાચાર)સંવાહક : પીયૂષ પારાશર્ય**



સ્વ. ભાવસાર દેવચંદભાઈ મુળજીભાઈ તળાજીયા અને સ્વ. ભાવસાર ખમાલક્ષ્મી દેવચંદભાઈ તળાજીયા

# 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા



✍ નેહલ ગઢવી

**સ્પેશ્યલ ખેલ મહાકુંભમાં શાળાની સિધ્ધિ :**

જિલ્લા રમત-ગમત વિભાગ દ્વારા, સિદસર કોમ્પલેક્ષ, ભાવનગર ખાતે આયોજિત **જિલ્લા કક્ષાના સ્પેશ્યલ ખેલ-મહાકુંભ**માં શાળાના કુલ ૧૧૧ બાળકોએ એથ્લેટિક્સ તેમજ વિવિધ ટીમ ગેઈમમાં ભાગ લીધેલ. જેમાં ૨૪ બાળકોએ ગોલ્ડ મેડલ, ૩૧ બાળકોએ સિલ્વર મેડલ તેમજ ૨૭ બાળકોએ બ્રોન્ઝ મેડલ મેળવી, જિલ્લા કક્ષાએ શાળાનું નામ ગુંજતુ કરેલ. શાળાના આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી, તેમજ સ્પોટર્સ શિક્ષક આસિફભાઈ પઠાણના માર્ગદર્શન હેઠળ શિક્ષકો દ્વારા બાળકોને વિવિધ રમતોની પ્રેકિટસ કરાવવામાં આવી હતી.

**રાષ્ટ્રિય કક્ષાએ શાળાનું ગૌરવ વધારતા શાળાના બાળકો :**



તા. ૨૬ થી ૨૮ ફેબ્રુઆરી દરમ્યાન **સ્પેશ્યલ ઓલિમ્પિક** ભારત દ્વારા ઉત્તર પ્રદેશના કાનપુર ખાતે પાવર લિફટીંગ રમતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત સહિત દેશના કુલ ૧૯ રાજયના બાળકોએ ભાગ લીધેલ. જેમાં ગુજરાતની ટીમમાંથી શાળાના બે બાળકો અનુક્રમે ચૌહાણ દિગ્નેશએ ગોલ્ડ મેડલ અને બારૈયા અંકિતાએ સિલ્વર મેડલ મેળવી રાષ્ટ્રિય કક્ષાએ શાળાનું તેમજ ભાવનગર તથા ગુજરાતનું ગૌરવ વધારેલ. આ બાળકોને શાળાના શિક્ષક શ્રી મોનાલીબેન તેમજ અમિતાબેન દ્વારા ટ્રેનિંગ આપવામાં આવેલ તથા તે અંગેનું સંપૂર્ણ સંકલન આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા કરવામાં આવેલ તથા એસ્કોટર્ટ તરીકે શ્રી અમિતાબેન પટેલ સુંદર કામગીરી સંભાળી હતી.

**પ્રભુ વંદના :**


પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ તા. ૬ માર્ચના રોજ સંસ્થાના કાયમી દાતા તથા શુભેચ્છક શ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈના પિતા સ્વ. શ્રી જયંતિલાલ દુર્લભજીભાઈ દેસાઈ તથા માતા સ્વ. શ્રીમતી વસંતબેન જયંતિલાલ દેસાઈ તથા તેમના પત્નિ શ્રી સ્વ. થોરુન્નબેનના સ્મરણાર્થે **પ્રભુ વંદના** કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના મ્યુઝિક થેરાપીસ્ટ ડૉ. ભાવનાબેન



અંધારિયા, શિક્ષક શ્રી રેશ્માબેન શાહ તથા શ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ સુંદર ભજનો દ્વારા શ્રધ્ધાંજલિ આપી હતી.

આ પ્રસંગે શ્રી અનંતરાય કે. શાહ (શ્રી બાબાભાઈ) મેનેજિંગ ટ્રસ્ટી, શ્રી પારસભાઈ શાહ-ટ્રસ્ટી તેમજ શાળાના પ્રમુખ શ્રી વિનુભાઈ હકાણી, માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ તથા શ્રી ડી. જે. ધંધુકિયા, માનદ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ ઉપસ્થિત રહેલ. તેમજ શ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈએ ઓનલાઈન જોડાઈને આ સમગ્ર પ્રોગ્રામ નિહાળ્યો હતો.

**રાજય કક્ષાની ડ્રોઈંગ કોમ્પિટીશનમાં શાળાના બાળકો :**




તાજેતરમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમીટેડના સહયોગથી Asay Explorers સંસ્થા દ્વારા રાજય સ્તરની એક ડ્રોઈંગ કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં શાળાના નવ બાળકોએ ભાગ લઈ થીમ આધારિત પ્રાકૃતિક, કુદરતી દ્રશ્યના સુંદર અને આકર્ષક ચિત્રો દોરી સર્ટિફીકેટ્સ મેળવી શાળાનું ગૌરવ વધારેલ. આ બાળકોને શાળાના ડ્રોઈંગ ટીચર શ્રી પુજાબેન દ્વારા સતત ટ્રેનિંગ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## સંઘર્ષથી સફળતા મેળવનાર દિવ્યાંગ મહજબીન બાનો :

વ્યકિત ધારે તો કંઈ પણ કરવા સક્ષમ છે. દિવ્યાંગ વ્યકિત જો મક્કમ મન કરી સફળતાના શિખરો સર કરે છે, તો સ્વસ્થ યુવાઓએ તેઓમાંથી પ્રેરણા લઈ ઉર્જા સાથે જીવનમાં આગળ વધારવાનો સંકલ્પ કરવો જોઈએ. એક યુવા મહિલાની સફળતાની વાત કરીએ કે જેણે દસ વર્ષની ઉંમરે ચિત્રકામ કરી, ઘર અને પરિવારને આર્થિક પગભર થવામાં મોટી ભૂમિકા ભજવી છે. નાનપણથી દિવ્યાંગ એવી દિલ્હીની મહજબીન બાનોએ પોલિયોને હંફાવી ચિત્રકામની દુનિયામાં સફળતાની મોટી કેડીઓ કંડારી છે.

દિવ્યાંગ મહજબીન બાનો, કેન્દ્ર સરકાર દ્વારા ચાલતા હુન્નર હાટમાંથી મળેલું રત્ન છે. મહજબીનની કલા કારીગરી આમ તો આજુબાજુના અને શહેરવાસીઓ જાણતા હતાં, પરંતુ મહજબીનને દેશ અને દુનિયાભરમાં નામના હુન્નર હાટથી મળી તેમ કહેવામાં જરાપણ અતિશયોક્તિ નથી. બાળપણથી જ પોલિયોનો શિકાર હતી એટલે ખેલ કૂદમાં આગળ વધવાનું તેણી અને પરિવારને અશકય જણાયું હતું. ૩૯ વર્ષિય મહજબીન, દસ વર્ષની હતી ત્યારથી ચિત્રકામ કરવામાં લાગી હતી. દિલ્હી જેવા મેટ્રો શહેરમાં વસવાટ હોવાથી સ્વભાવિક છે કે પરિવારના બધા સદસ્યોની કમાણી ન હોય તો સારા જીવનધોરણની કલ્પના આજના સમયમાં લગભગ અશક્ય છે. તેણીનું માનવું છે કે, “જો ઈરાદો મજબૂત હોય તો કાંઈપણ અશકય નથી. જીવનમાં અનેક સંઘર્ષ વચ્ચે પણ મજબુત હોંસલા અને ઉર્જાને કારણે આજે હું આ સફળતા હાંસલ કરી શકી છું. હું ઈચ્છું છું કે મારા જેવી અનેક દીકરીઓ માર્ગ પરના અંતરાયો દૂર કરી, આત્મનિર્ભર બની સફળતા હાંસલ કરે.” જેમનામાં હુન્નર છે અને જેઓને પ્લેટફોર્મ મળતું નથી એ લોકો માટે ખાસ એનજીઓ ખોલી તેઓને પ્લેટફોર્મ આપવાની ઈચ્છા મહજબીન રાખે છે. સુરતમાં આયોજિત **દિવ્યાંગ મેળા**માં મહજબીનના ચિત્રોની પ્રદર્શની યોજાઈ હતી. સુરતમાં કલાના કદરદાનોએ મહજબીનના ચિત્રોની ખરીદી કરી કલાકારને આત્મનિર્ભર બનાવવામાં મદદ કરી હતી. **(સૌ. : ફૂલછાબ)**

## દિવ્ય કલા મેળો - દિલ્હી :

ડૉ. વીરેન્દ્ર કુમાર, ભારત સરકારના કેન્દ્રિય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી, ગુજરાત વૈભવમાં ૧૧ જાન્યુ. ૨૪માં આત્મનિર્ભતા તરફ ગતિમાન દિવ્યાંગ ઉદ્યમીઓના પ્રયાણને બીરદાવતા લખે છે કે, એક સશકત અને વિકસિત રાષ્ટ્રની જયારે આપણે કલ્પના કરીએ છીએ. તેમાં દરેક વ્યકિતનો સહયોગ મહત્વનો છે. માનનીય પ્રધાન મંત્રીશ્રીએ દિવ્યાંગોના સહયોગને અનિવાર્ય સમજયો છે. માટે દિવ્ય કલા મેળામાં અનેક સુવિધા-લોન સુવિધા વિ. અપાય છે. ઉપરાંત દરેક વર્ગના લોકોનું સમર્થન મળી રહ્યું છે. લોકોનું માનવું છે કે સરકાર તરફથી આ શાનદાર શરૂઆત છે જેનાથી ફકત દિવ્યાંગજનોની ઉદ્યમશિલતા જ નહીં, પણ ‘વોકલ ફોર લોકલ’ ની થીમને પણ બળ મળે છે. આ મેળાનું આયોજન નવી દિલ્હી, વારાણસી, ભોપાલ, મુંબઈ, ગુવાહટી, ઈન્દોર, જયપુર, સિકંદરાબાદ, બેંગલુર, ચેન્નઈ, પટના શહેરમાં પણ થઈ રહયાં છે. ભવિષ્યમાં સુરત, અમદાવાદ, શિમલા, નાગપુર વ. શહેરોમાં પણ કરવામાં આવશે. દિવ્ય કલા મેળામાં ૧૦૦ કરતા વધુ સ્ટોલ્સ લગાવવામાં આવે છે, જેમાં હસ્તશિલ્પ, હસ્તકલા, એમ્બ્રોઈડરી અને ડબ્બા-બંધ ખાદ્ય પદાર્થ આદિના સ્ટોલ્સ સામેલ છે. **(સૌ. : ગુજરાત વૈભવ)**

# દિવ્યાંગ ક્રિકેટ ટીમનો નેપાળ સામે વિજય

દિવ્યાંગ ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન સૈયદ શાહ અઝીઝે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો અને નેપાળને ૧૯૮ રનનો ટાર્ગેટ આપ્યો. તેણે ૭૦ બોલમાં ૭૫ રન બનાવ્યા અને અભિનંદને ૪૫ બોલમાં ૭૩ રન બનાવ્યાં. જવાબમાં નેપાળ માત્ર ૮૯ રન જ બનાવી શકયું અને ૧૦૯ રનથી મેચ હારી ગયું. ટૂર્નામેન્ટનું ઉદ્દઘાટન કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી પ્રોફેસર એસ.પી. સિંહ બઘેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમણે સૈયદ શાહ અઝીઝને તેમના શ્રેષ્ઠ ઓલરાઉન્ડ પ્રદર્શન માટે મેન ઓફ ધ મેચ ટ્રોફી પણ આપી હતી. આ પ્રસંગે દિવ્યાંગ ક્રિકેટ કંટ્રોલ બોર્ડ ઓફ ઈન્ડિયાના દિવ્યાંગ ક્રિકેટ ટીમના અધ્યક્ષ શામસિંહ લાંગેહ સહિત મહાનુભાવો પણ ઉપસ્થિત રહયાં હતાં.



**- (સૌ. ટાઈમ્સ ઓફ ઈન્ડિયા)**




શ્રી પૂર્ણિમાબેન શર્માના હસ્તે કૃણાલ આહિરનું સન્માન



શ્રી ધીરૂભાઈ ધંધુકિયા અને શ્રી મહાસુખભાઈ જકડિયાના હસ્તે શ્રી દક્ષરાજ રાણાનું સન્માન



શ્રી હર્ષકાંતભાઈ રાખશિયાના હસ્તે શ્રી કૈલાસબેન વાઘેલાનું સન્માન



શ્રી અમરજયોતિબા ગોહિલના હસ્તે શ્રી ગાયત્રીબાનું સન્માન



શ્રી પ્રદીપભાઈ ભટ્ટના હસ્તે શ્રી દિપ્તીબેન રાજયગુરૂનું સન્માન



શ્રી અંબિકાબેન ટેકરીવાલના હસ્તે ડૉ. દિશાબેન ચૌહાણનું સન્માન



શ્રી હંસાબેન ફતનાણીના હસ્તે શ્રી દિવ્યાબેન પટોરિયાનું સન્માન

**કાર્યક્રમમાં વક્તવ્ય આપતા મહાનુભાવો**



શ્રીમતી પૂર્ણિમાબેન શર્મા



શ્રી ભગીરથસિંહ ચુડાસમા



શ્રી કિરીટભાઈ રાઠોડ




શ્રી જીજ્ઞાબેન સોલંકી



# યુવક સંમેલન મુંબઈ
## લાઈબ્રેરી

✍ છાયા જોષી



### લાઈબ્રેરીમાં ફેબ્રુઆરી / માર્ચ મહિના દરમ્યાન નીચે મુજબ એક્ટિવિટી કરાવવામાં આવી

Ÿ ૬૫૦ પુસ્તકો ઈસ્યુ થયા, ૪૦ ટોયઝ ઈસ્યુ થયા, ૩૫ સ્પેલિંગ એક્ટિવિટી, ૪૦ મેથ્સ એક્ટિવિટી, ૧૫ કલર પૂરો, ૩૫ ડ્રોઈંગ એક્ટિવિટી, ૧૫ સરખામણી કરો.

Ÿ ટિચર્સ ટ્રેનિંગ કોલેજ M.D. બીજા વર્ષની વિદ્યાર્થીની ડાભી અંજુ હરેશભાઈએ ૩૦ દિવસમાં ૫૩ પુસ્તકો વાંચીને એક નવો રેકોર્ડ બનાવ્યો છે તેને રીડર ઓફ ધ મન્થના એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી.

### લાઈબ્રેરીમાં ફેબ્રુઆરી / માર્ચ મહિનામાં નવા આવેલ પુસ્તકો

| પુસ્તકનું નામ | પ્રકાર |
|---|---|
| આસ્થા | નવલ કથા |
| પિલર ૧૧૬૫ | નવલ કથા |
| રણ | નવલ કથા |
| વન વનના પારેવા | નવલ કથા |
| હર્ષોર્મી | નવલ કથા |
| લક્ષ્યવેધ | નવલ કથા |
| રુકમણી હરણ | નવલ કથા |
| મીઠા જળનો લોટો | નવલ કથા |
| બસ હવેથી જીવી લેવું છે. | નવલ કથા |
| સહવેદના | નવલ કથા |
| ડૉ. રોશનલાલ | નવલ કથા |
| પડધા ઉગ્યા પ્રેમના | નવલ કથા |

| પુસ્તકનું નામ | પ્રકાર |
|---|---|
| આસૂભીના અક્ષર | નવલ કથા |
| કાળચક્ર | નવલ કથા |
| રાજાધિરાજ | નવલ કથા |
| ભગ્નપાદૂકા | નવલ કથા |
| ઉજાસ | નવલ કથા |
| પ્રતિશ્રુતિ | નવલ કથા |
| સમયને સથવારે | નવલ કથા |
| કાળની કેડીએથી | નવલ કથા |
| યાદોના ઓવારેથી | નવલ કથા |
| ગુરુ | નવલ કથા |
| અખેનાતન | નવલ કથા |
| રાગી વૈરાગી | નવલ કથા |

## ૧ થી ૩૧ માર્ચ ૨૦૨૪ સુધીના દાતાઓની યાદી

PNR
HOPE 4 ALL

**P. N. R. SOCIETY**

**80-G**

| | Rs. |
|---|---|
| Shri Shreyas Pracharak Sabha C/O. Sashaa Automotive Pvt Ltd. - Mumbai | 30,000 |
| Shri Dinshaw Darabsha Siganporia - Mumbai | 50,000 |
| Shri Ashir Shantilal Doshi - Mumbai | 1,00,000 |
| Shri Rajan Rameshchandra Desai - Mumbai | 5,00,000 |
| Shri Prerit Prafulbhai Mehta - Mumbai | 22,000 |
| Shri Varsha Hemant Desai C/O. Shreekant Khaitan - Mumbai | 25,000 |
| Shri Sanjaykumar Rasiklal Dodiya - Bhavnagar | 11,000 |
| Shri Kumudben Manilal Shah - Mumbai | 20,000 |
| Dr.Ashok Ghanshyam Dalal -Mumbai | 10,000 |
| Shri Hetal Apurva Foundation - Mumbai | 7,000 |
| Shri Mukesh Mahendraprasad Oza - Mumbai | 50,000 |
| Shri Hetal Apurva Foundation - Mumbai | 5,000 |
| Shri Himmatlal Harilal Shah - Mumbai | 1,25,000 |
| Shri Rajesh Ramniklal Modi - Mumbai | 5,000 |
| Shri Bhavini R. Modi - Mumbai | 5,000 |
| Shri Prakashbhai N. Desai - Mumbai | 10,000 |
| Shri Vasantrai M. Gandhi - Mumbai | 2,50,000 |
| Shri Harsha Sheth - Mumbai | 5,000 |
| Shri Nrupa Oza - Mumbai | 7,500 |
| Shri Bhikha Vallabh Charity Trust - Mumbai | 3,000 |
| Shri Alica Charitable Trust - Mumbai | 51,000 |
| Shri Vikram Navnitlal Mehta - Mumbai | 51,000 |
| Shri Hemendra Kothari Foundation - Mumbai | 2,50,000 |

| | |
|---|---|
| Shri Manahar K. Rajani - Bhavnagar | 2,000 |
| Cahssheth - Mumbai | 25,000 |
| Matrix Rf Ventures LLP - Mumbai | 5,00,000 |
| Shri Kavitaben Parasbhai Shah - Bhavnagar | 30,000 |
| Shri Amish Dineshbhai Doshi - Mumbai | 50,000 |
| Shri Dinesh Amratlal Doshi - Mumbai | 50,000 |
| Shri Abhay Navindchandra Zaveri - Mumbai | 1,50,000 |
| Parmarth Foundation - Bhavnagar | 1,00,000 |
| Shri Dhruvi M. Acharya - Mumbai | 1,00,000 |
| Well Wisher - Bhavnagar | 1,001 |

## FCRA

| | Rs. |
|---|---|
| Impact Foundation Screening,Eye Opration & Congenital Oper. (Impact) - U. K. | 3,706,589 |
| Cataract Operation (Impact) Project - U. K. | 2,43,031 |
| ENT Operation (Impact) Project - U. K. | 4,16,465 |
| Local Matched Funding Contribution (Impact) Project - U. K. | 7,28,481 |

## CSR

| | Rs. |
|---|---|
| Akry Organics Private Ltd. - Mumbai | 10,00,000 |
| SNS Overseas Pvt.Ltd. - Mumbai | 2,00,000 |
| Hamlet Constructions (India) Pvt.Ltd. - Mumbai | 2,00,000 |
| Prism Enterprises Pvt. Ltd. - Mumbai | 4,00,000 |
| LKP Finance Ltd. - Mumbai | 1,020,000 |
| Modychemi Pvt. Ltd. - Mumbai | 7,00,000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | Rs. |
|---|---|
| Shri Sneha Ketan Sheth - Surat | 6,000 |
| Smt. Sunita Akshay Marfatia - Mumbai | 7,000 |
| Smt. Sunita Akshay Marfatia - Mumbai | 7,000 |
| Smt. Sunita Akshay Marfatia - Mumbai | 7,000 |
| Smt. Sunita Akshay Marfatia - Mumbai | 7,000 |
| Shri Vapi Rotary Niramay Trust - Vapi | 21,825 |
| Shri Mrugang Oza & Dhatriben Oza - Bhavnagar | 1,000 |
| Shri Neha Mehta Oza & Samit D. Mehta - Bhavnagar | 1,000 |
| Shri Anis Yunus Gohil - Surat | 5,000 |
| Shri Sonalben Sunilbhai Shah - Mumbai | 6,000 |
| Shri Jayalaxmi Nanalal Shah - Mumbai | 6,000 |
| Shri Mayank H. Soniji - Bhavnagar | 11,000 |
| Shri Chandrikaben Kapadiya - Bhavnagar | 5,000 |
| Shri Jayeshbhai V. Shah - Ahmedabad | 5,000 |
| Shri Mangal Welfare Charitable Trust - Mumbai | 1,00,000 |
| Shri Mukesh Oza - Mumbai | 50,000 |
| Shri Jitesh D. Shah - Mumbai | 6,000 |
| Shri Monika Keraliya - Bhavnagar | 19,600 |
| Shri Anilbhai Pandya - Bhavnagar | 6,000 |
| Shri Bhavini Rajesh Modi - Mumbai | 5,000 |
| Shri Rajesh Ramniklal Modi - Mumbai | 5,000 |
| Dr. Shri Kamleshbhai H. Shah - Bhavnagar | 5,000 |
| Shri Rotary Community & Medi Reserch Cendtre - Jamnagar | 15,000 |
| Shri Ilagauri Harshadrai Bhatt - Savar Kundla | 10,000 |
| Shri Ilagauri Harshadrai Bhatt - Savar Kundla | 6,000 |
| Shri Samiksha Rajubhai Rathod - Bhavnagar | 6,000 |
| Shri Dudhiben Devchand Mehta Charitable Trust - Mumbai | 2,500 |
| Shri Kiranbhai Yashwantray Oza - Bhavnagar | 7,0000 |
| Shri Neelam Chandrakant Mehta - Bhavnagar | 21,000 |
| Shri Mansukhlal Premchand Mehta - Bhavnagar | 6,000 |

| | |
|---|---|
| Shri Siril D. Vora - Ahmedabad | 20,000 |
| Shri Kritin Jyotidra Kamdar - Bhavnagar | 15,000 |
| Shri Hareshbhai Hirjibhai Aghada - Bhavnagar | 4,100 |
| Shri Bhavinbhai - Bhavnagar | 10,000 |
| Shri Bharti (Priti) Vijay Sanghvi - Mumbai | 6,000 |
| Shri Dhirajlal Vrajlal Chudasama - Bhavnagar | 10,000 |
| Shri Navin Kalidas Juthani - Mumbai | 31,000 |
| Late Dilipbhai Harichand Doshi - Mumbai | 4,000 |
| Shri Dhanlaxmiben Ambarambhai Mehta - Bhavnagar | 6,000 |
| Shri Roma Nipam Shah - Ahmedabad | 30,000 |
| Shri Valia Shubh Trust - Mumbai | 5,001 |
| Shri N. Bhau (Jewellers) Pvt. Ltd. - Mumbai | 50,000 |
| Shri Kamlesh Prataprai Mehta - Mumbai | 10,000 |
| Shri Vatshal Avnish Jhaveri - Mumbai | 1,08,000 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| | Rs. |
|---|---|
| Smt. P.N.R. Society - Bhavnagar | 2,06,502 |
| Shri Atul Jayantilal Malde - Mumbai | 59,400 |
| Shri Nankiben Chandulal Dhandhukia - Junagadh | 51,000 |
| The Cad Company LLP. Mumbai | 51,000 |
| Shri Husenbhai Firojbhai Laxmidhar - Vinchhiya | 24,000 |
| Shri Sadiqali I. Laxmidhar - Rajkot | 21,000 |
| Shri Bharti Niranjan Shah - Mumbai | 21,000 |
| Shri Paras Rameshchandra Kothary - Mumbai | 20,000 |
| Shri Daxaben Pandya - Bhavnagar | 15,000 |
| Taraben Mafatlal Jhaveri Charitable Trust - Mumbai | 15,000 |
| Shri Hasumatiben Shashikantbhai Talajiya - Bhavnagar | 11,111 |
| Shri Kiran Aggarwal - Bhavnagar | 11,000 |
| Shri Saundarya Aggarwal - Bhavnagar | 11,000 |
| Shri Urmila Hempradip Joshi - Bhavnagar | 11,000 |
| Shri Mrugesh D. Desai - Anand | 10,000 |
| Dravida Upadhyay Shri Uddhavlalji Memorial Trust - Vadodara | 10,000 |
| Shri Apurvabhai Bharatbhai Adhiya - Bhavnagar | 6,000 |
| Shri Nehal Girish Desai - Bhavnagar | 5,000 |
| Shri Rajeshbhai Ramniklal Modi - Mumbai | 5,000 |
| Shri Bhavini Rajeshbhai Modi - Mumbai | 5,000 |
| Shri Nehalben R. Gadhavi - Bhavnagar | 5,000 |
| Shri Dilip Dhirajlal Kothari - Mumbai | 5,000 |
| Shri Apurvabhai Arvindbhai Parekh - Bhavnagar | 5,000 |
| Shri Sudhaben D. Trivedi - Bhavnagar | 2,600 |
| Late Shri Kantilal Chimanlal Gandhi - Bhavnagar | 1,000 |

## BHAVNAGAR NAVJAWAN SANGH
### V.C. Lodhawala & Pratapbhai Parekh Ploycl inic

| | Rs. |
|---|---|
| Sol Mobile Pvt. Ltd. - Mumbai | 1,00,000 |
| Shri Bhaviniben Rajeshbhai Modi - Mumbai | 5,000 |
| Shri Rajeshbhai Ramniklal Modi - Mumbai | 5,000 |
| Shri Prabodhbhai Shantilal Mehta - Mumbai | 1,11,111 |
| Shri P.N.R Shah Society - Bhavnagar | 2,00,000 |
| Shri P.N.R Shah Society - Bhavnagar | 1,50,000 |

# PNR સોસાયટી તસ્વીર સમાચાર



શ્રી બાબાભાઈ દ્વારા જય ગાંગડિયા (રાષ્ટ્રપતિ એવોર્ડ વિનર) નું સન્માન...



શ્રી ભગિરથસિંહ ચુડાસમા દ્વારા દિવ્યાંગ બાળકને સાધન સહાય...



શ્રી પૂર્ણિમાબેન દ્વારા સી.પી. બાળકને એવોર્ડ એનાયત...



સી.પી. વાર્ષિક કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો...



શ્રી અશોકભાઈ નાથાણીને સન્માન પત્ર આપતા...



ઓર્થોસિસ એસેસમેન્ટ કેમ્પનો ઉદ્દઘાટન કાર્યક્રમ...




વિશ્વના સૌથી વામનકદના ડો. બારૈયા...



શ્રી ખુશેન્દ્રભાઈના સદ્‌ગત પરિવારના સભ્યો માટે પ્રભુ વંદના કાર્યક્રમ...

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 March - 24 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 28




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com